# શ્રદ્ધા અને શક્તિ

[ સમ્યગ્ દર્શનનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ

જ્ઞાન દર્શન ચારિત્ર

ગ્રંથમાળા

વડોદરા. ગુજરાત.

પુષ્પ : ૭ :

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ સાતમું

# શ્રદ્ધા અને શક્તિ

## [ સમ્યગ્દર્શનનું સ્વરૂપ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાલા
રાવપુરા, મહાજન પોળ—વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૮ વસંતપંચમી.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ—ભાવનગર.

# આભાર-દર્શન

હાલ ઘાટકોપરવાસી ધર્મશ્રદ્ધાળુ શેઠ શ્રી ભાણજીભાઇ કેશવજીભાઇએ જ્ઞાનભક્તિ નિમિત્તે આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જનારી ખોટમાં આપેલી સહાય બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **( ૧ ) શ્રદ્ધાની ઓળખાણ** | **૧ થી ૧૭** |
| ૧ શ્રદ્ધાળુ જીવ મોક્ષ પામે છે. | ૧ |
| ૨ અન્ય દર્શનીઓનો અભિપ્રાય | ૨ |
| ૩ શ્રદ્ધાની દુર્લભતા | ૩ |
| ૪ મિથ્યાત્વની ભયંકરતા | ૧૦ |
| ૫ દશ પ્રકારનું મિથ્યાત્વ | ૧૧ |
| ૬ પાંચ પ્રકારનું મિથ્યાત્વ | ૧૩ |
| ૭ છ પ્રકારનું મિથ્યાત્વ | ૧૪ |
| ૮ મિથ્યાત્વના ભેદોનું તાત્પર્ય | ૧૪ |
| ૯ શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ. | ૧૬ |
| **( ૨ ) શ્રદ્ધાની શક્તિ** | **૧૮ થી ૪૩** |
| ૧૦ સમ્યક્ત્વનો મહિમા | ૧૮ |
| ૧૧ સમ્યક્ત્વ એ અધ્યાત્મનો એકડો છે. | ૧૯ |
| ૧૨ અંગારમર્દકસૂરિનો પ્રબંધ | ૧૯ |
| ૧૩ શાસ્ત્રકારોનો અભિપ્રાય | ૨૨ |
| ૧૪ કપિલ કેવળીનું દૃષ્ટાંત | ૨૪ |
| ૧૫ શ્રદ્ધા : એક દિવ્ય અંજન | ૨૯ |
| ૧૬ અનાથી મુનિનો પ્રબંધ | ૩૦ |
| ૧૭ વ્યાવહારિક સિદ્ધિઓ | ૪૦ |

(૩) શ્રદ્ધાનો વિકાસ ૪૪ થી ૮૨

૧૮ સડસઠ બોલ ૪૪
૧૯ શ્રદ્ધાનાં ચાર અંગો ૪૫
૨૦ શ્રદ્ધાનાં ત્રણ લિંગો ૫૬
૨૧ દશ પ્રકારનો વિનય ૫૭
૨૨ ત્રણ પ્રકારની શુદ્ધિ ૫૯
૨૩ મહાકવિ ધનપાલનો પ્રબંધ ૬૨
૨૪ પાંચ પ્રકારનાં દૂષણો ૬૯
૨૫ આઠ પ્રકારના પ્રભાવકો ૭૩
૨૬ પાંચ પ્રકારનાં ભૂષણો ૭૪
૨૭ પાંચ પ્રકારનાં લક્ષણો ૭૫
૨૮ છ પ્રકારની યતના ૭૮
૨૯ છ પ્રકારના આગાર કે અપવાદ ૭૮
૩૦ છ પ્રકારની ભાવના ૮૦
૩૧ છ સ્થાનો ૮૦
૩૨ ઉપસંહાર ૮૧

: ૧ :

# શ્રદ્ધાની ઓળખાણ

## ૧. શ્રદ્ધાવાળો જીવ મોક્ષ પામે છે

'કયો જીવ અજરામર સ્થાનને પામે છે ?' એ પ્રશ્નનો ઉત્તર આપતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ જણાવ્યું છે કે '**सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं**' શ્રદ્ધાવાળો જીવ અજરામર સ્થાનને પામે છે. અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે–'અજરામર સ્થાનને પામવાનું અનંતર કારણ ચારિત્ર છે, છતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ એમ કેમ કહ્યું કે શ્રદ્ધાવાળો જીવ અજરામર સ્થાનને પામે છે ?' આ પ્રશ્નનું સમાધાન એ છે કે–અજરામર સ્થાનને પામવાનું અનંતર કારણ ચારિત્ર છે એ વાત સાચી છે, પણ ચારિત્ર જ્ઞાનમૂલક છે અને જ્ઞાન શ્રદ્ધામૂલક છે એટલે વાસ્તવિક રીતે શ્રદ્ધાવાળો જીવ જ અજરામર સ્થાનને પામે છે. વધુ સ્પષ્ટ કહીએ તો આ અનાદિ–અનંત સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ જ્યાંસુધી શ્રદ્ધાવાન્ બનતો નથી ત્યાંસુધી જ્ઞાનવાન્ બનતો નથી, જ્યાંસુધી જ્ઞાનવાન્ બનતો નથી ત્યાંસુધી

ચારિત્રવાન્ બનતો નથી અને જ્યાંસુધી ચારિત્રવાન્ બનતો નથી ત્યાંસુધી સકલ કર્મથી રહિત થઇને મંગલમય મુક્તિનું મહાસુખ માણી શકતો નથી. એટલે શ્રદ્ધાસંપન્ન થવાથી જ અજરામર સ્થાનને પામી શકાય છે.

## ૨. અન્યદર્શનીઓનો અભિપ્રાય

અન્યદર્શનીઓ પણ આ અભિપ્રાયનો સ્વીકાર કરે છે. તેઓ કહે છે કે:—

" श्रद्धावाँल्लभते ज्ञानं, तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्ति-मचिरेणाधिगच्छति ॥१॥"

' શ્રદ્ધાવાન્ હોય તો જ જ્ઞાન પામે છે અને જ્ઞાનમાં તત્પર હોય તે જ સંયત બને છે, તેથી અત્રે સંયતાત્મા કેવળજ્ઞાન-પામીને શીઘ્ર પરમ શાંતિ એટલે મોક્ષ મેળવી શકે છે. '

" अज्ञश्चाश्रद्दधानश्च, संशयात्मा विनश्यति ।
नाऽयं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥१॥ "

' અજ્ઞાની અને અશ્રદ્ધાલુ આત્મા પ્રાયઃ સર્વ ક્ષેત્રોમાં સદા સંશયશીલ રહે છે એટલે ચિત્તની ડામાડોળ સ્થિતિમાં સુખ પામી શકતો નથી. આવા સંશયાત્માઓને માટે આ લોક નથી, પરલોક પણ નથી અને સુખ પણ નથી. '

' કેવો જીવ સમાધિને( માનસિક સમાધાનને ) પામી શકતો નથી ? ' એનો ઉત્તર નિર્ગ્રંથ મહર્ષિઓએ આ પ્રમાણે આપ્યો છે: ' वितिगिच्छं समावण्णेणं अप्पाणेणं नो लहइ समाहिं '

વિચિકિત્સાથી–ફલમાં સંશય રાખવાથી આત્મા ( સંશયાત્મા ) સમાધિને પામી શકતો નથી.'

એટલે એ વાત સુનિશ્ચિત છે કે–જેને સુખશાંતિની ઇચ્છા હોય, આધ્યાત્મિક ઉન્નતિની અભિલાષા હોય કે પરમપદ પામવાની આકાંક્ષા હોય તેણે સહુથી પહેલું શ્રદ્ધાવાન્ બનવું જોઇએ.

## ૩. શ્રદ્ધાની દુર્લભતા

જેમ ધનની પ્રાપ્તિથી ધનવાન્ બનાય છે, વિદ્યાની પ્રાપ્તિથી વિદ્યાવાન્ બનાય છે અને ગુણની પ્રાપ્તિથી ગુણવાન્ બનાય છે, તેમ શ્રદ્ધાની પ્રાપ્તિથી શ્રદ્ધાવાન્ બનાય છે. પરંતુ શ્રદ્ધાની પ્રાપ્તિ ધારવા જેટલી સહેલી નથી. તે પ્રાપ્ત કરતાં અનંતો કાલ વહી જાય છે. તેથી જ શાસ્ત્રકાર મહર્ષિઓએ તેની ગણના દુર્લભ વસ્તુમાં કરી છે. તેઓ જણાવે છે કેઃ—

" चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतूणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥ "

'આ સંસારમાં પ્રાણી માત્રને (૧) મનુષ્યત્વ (૨) શ્રુતિ (સત્ય શાસ્ત્રોનું શ્રવણ) (૩) શ્રદ્ધા અને (૪) સંયમની શક્તિ એ ચાર ઉત્તમ અંગો પ્રાપ્ત થવાં દુર્લભ છે.'

તેનું કારણ જણાવતાં તેઓ કહે છે કે--

" આ સંસારમાં જુદાં જુદાં કર્મો કરીને જીવો જુદાં જુદાં ગોત્રમાં અને જુદી જુદી જાતિઓમાં ઉત્પન્ન થાય છે. અને તેનાથી વિશ્વ વ્યાપ્ત થયું છે.

" જેવા પ્રકારનાં કર્મો હોય, તેવી રીતે જીવો કદાચિત્ દેવલોકમાં, કદાચિત્ નરકયોનિમાં અને કદાચિત્ આસુરી યોનિમાં ગમન કરે છે.

" તેઓ કોઈ વાર ક્ષત્રિય થાય છે, કોઈ વાર ચાંડાલ થાય છે, કોઇ વાર બુક્કસ* થાય છે, કોઈ વાર કીડા કે પતંગ થાય છે તો કોઈ વાર કુંથવા કે કીડી પણ થાય છે.

" કર્મથી વિંટાયેલા પ્રાણીઓ આ પ્રકારે વિવિધ યોનિઓમાં ફરે છે અને ક્ષત્રિયોની જેમ સર્વ અર્થથી નિવૃત્ત થતા નથી.

" કર્મના પાશથી જકડાયેલા અને તેથી બહુ દુઃખ પામેલા જીવો અમાનુષી+ યોનિઓમાં હણાય છે.

" કર્મોનો ક્રમિક નાશ થયા પછી શુદ્ધિને પામેલા જીવો અનુક્રમે મનુષ્યભવને પામે છે.

" મનુષ્ય શરીર પામીને પણ તે સત્ય ધર્મનું શ્રવણ દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી જીવો તપશ્ચર્યા, ક્ષમા અને અહિંસાને પામે.

" કદાચિત્ તેવું શ્રવણ પણ થાય છતાં **શ્રદ્ધા તો અત્યંત દુર્લભ છે**, કારણ કે ન્યાયમાર્ગ( મુક્તિમાર્ગ )ને સાંભળ્યા છતાં પણ ઘણા જીવો તે પ્રમાણે શ્રદ્ધા--રુચિવાળા નથી હોતા.

" મનુષ્યત્વ, શાસ્ત્રશ્રવણ અને શ્રદ્ધા પામ્યા પછી પણ

---

* જેની માતા બ્રાહ્મણી તથા પિતા ચાંડાલ હોય તે બુક્કસ કહેવાય છે.
\+ મનુષ્ય સિવાયની, ખાસ કરીને નરક અને તિર્યંચ.

સંયમની શક્તિ તો દુર્લભ જ છે. ઘણા જીવો સત્ય પ્રત્યે રુચિ ધરાવતા હોય છે, છતાં તેને આચરી શકતા નથી.”

આ રીતે ચારે અંગોની દુર્લભતા બતાવ્યા પછી શાસ્ત્રકાર મહર્ષિઓ તેનો ઉપસંહાર કરતાં જણાવે છે કે—

“ माणुसत्तंमि आयाओ, जो धम्मं सुच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ॥ ”

“ મનુષ્યત્વને પામેલો જે જીવ ધર્મ સાંભળીને શ્રદ્ધાવાન્ બને છે, તે બળની પ્રાપ્તિ કરીને સંયમી તથા તપસ્વી બને છે અને તેમ કરીને સઘળાં કર્મો ખંખેરી નાખે છે.”

આ કથનનું રહસ્ય એ છે કે—ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરી રહેલો જીવ ઘણી મુશીબતો ઉઠાવ્યા પછી, ઘણાં સંકટો ઝીલ્યાં પછી અને ઘણાં ઘણાં દુઃખોનો ઘણી ઘણી વાર અનુભવ કર્યા પછી કથંચિત્ પુણ્યના યોગે મનુષ્ય-ભવની પ્રાપ્તિ કરે છે, પરંતુ અજ્ઞાન--મોહાદિ દોષોના કારણે તેની એ દુર્લભતા સમજી શકતો નથી, તેથી પ્રાપ્ત સામગ્રીનો ઉપયોગ ધર્માચરણમાં કરવાને બદલે વિષયભોગમાં કરે છે અને તેમાં જ તે આનંદ માને છે.

આ સ્થિતિમાં તેને નાટક–ચેટક જોવાનું બહુ ગમે છે, સિનેમા અને સર્કસો નિહાળવાનું અતિ પસંદ પડે છે, મેળાવડા અને પાર્ટીઓમાં અપૂર્વ રસ આવે છે અને કોઈની ચોવટ કે કુથલી થતી હોય તેમાં ભારોભાર લિજ્જતનો અનુભવ થાય છે, પરંતુ ભજન કે ભાવના ગમતાં નથી, કીર્તન કે કથા પસંદ પડતાં નથી, વ્યાખ્યાન–વાણીમાં રસ આવતો નથી કે

તત્ત્વની ચર્ચામાં લિજ્જતનો અનુભવ થતો નથી. અથવા તે ભજન કે ભાવનામાં બેસે છે, તો મૃગની ચપળતાથી ચારે બાજુ નેત્રો ફેરવ્યા કરે છે અને 'કોણ આવ્યું છે? કોણ નથી આવ્યું? કોણે કેવાં કપડાં પહેર્યાં છે? કોણે કેવાં અલંકારો ધારણ કર્યાં છે? અને કોણ શું કરી રહ્યું છે?' તે જોયા કરે છે; પણ ભજન કે ભાવનાનો મર્મ ગ્રહણ કરતો નથી. અથવા તે કીર્તન કે કથા સાંભળવા જાય છે, તો પહેલી જગ્યા મેળવવા માટે ધક્કામુક્કી કરે છે, કોઈના હાથપગ અડી જાય તો ઘોંઘાટ મચાવે છે, શ્રોતાઓ સાથે વિવિધ પ્રકારની વાતો કરે છે અને પોતાનું ડહાપણ દર્શાવવા ભળતા જ સવાલો પૂછીને આખું વાતાવરણ ડહોળી નાખે છે, પણ કીર્તન કે કથાને એકચિત્તે સાંભળતો નથી. અથવા તે વ્યાખ્યાન-વાણી સાંભળવા જાય છે તો ભીંત કે થાંભલાને અઢેલીને બેસવાનું પસંદ કરે છે, મનમાં આહટ્ટ-દોહટ્ટ વિચારો કરે છે, વારંવાર બગાસાં ખાય છે અને નિરાંતે નસકોરાં બોલાવવા લાગે છે, પણ શાસ્ત્રનું શ્રવણ ઉમંગથી કરતો નથી, અથવા તે તત્ત્વની ચર્ચા કરવા લાગે છે તો જલદી આવેશમાં આવી જાય છે, શીઘ્ર ગુસ્સે થઈ જાય છે, પોતાનો કક્કો ખરો કરવાની જીદ પકડે છે અને ઝઘડો કરીને ઊભો થઈ જાય છે.

જ્યાં રસ ન હોય, રુચિ ન હોય કે સત્ય જાણવાની જિજ્ઞાસા ન હોય ત્યાં બીજું શું બને? આવા આત્માઓ 'આંખનું કાજલ ગાલે ઘસે' તેમાં નવાઈ નથી કે 'રામજનીને સાતસો અને અભયરામને ત્રીશ' રૂપિયા આપે તેમાં કોઈ આશ્ચર્ય નથી.

પંડિત અભયરામજી કથા કરવામાં બહુ કુશલ હતા. તેમણે એક વાર એક શેઠને ત્યાં મહિનો દિવસ કથા વાંચી અને ઘરના બધા માણસોને ખુશ કર્યાં. એવામાં એ શેઠને ત્યાં પુત્રલગ્નનો ઉત્સવ આવ્યો અને તેની ખુશાલીમાં એ રાત્રિએ રામજનીનો નાચ ગોઠવવામાં આવ્યો. આ નાચ જોવા માટે શેઠનાં સગાં--વહાલાં, ભાઈબંધ--દોસ્તદારો અને ગામલોકો સારા પ્રમાણમાં એકઠા થયા અને આવો સુંદર તમાશો ગોઠવવા બદલ તેની વાહવાહ કરવા લાગ્યા. આથી શેઠે ખુશ થઈને રામજનીને તે જલસાના સાતસો રૂપિયા ચૂકવી આપ્યા. હવે કથા પૂરી થયેલી હોવાથી પંડિત અભયરામજીએ તે જ દિવસે શેઠ આગળ દક્ષિણા માગી, એટલે શેઠે બહુ વિચાર કરીને તેમના હાથમાં ત્રીશ રૂપિયા મૂકયા. આ જોઈને અભયરામજી-થી રહેવાયું નહિ. તેમણે કહ્યું: ' શેઠજી ! આપ આ શું આપો છો ? '

' કેમ ? એ તમારી મહેનતનો બદલો છે.' શેઠે ઉત્તર આપ્યો.

' પરંતુ આપ જાણો છો કે મેં એકસરખી ત્રીશ દિવસ સુધી કથા વાંચી છે અને તેમાં પૂરતો પરિશ્રમ ઉઠાવ્યો છે.' પંડિતજીએ શેઠનું ધ્યાન ખેંચ્યું.

' તેથી જ તમને ત્રીશ રૂપિયા આપ્યા છે. દિવસનો એક રૂપિયો ગણતાં ત્રીશ દિવસના ત્રીશ રૂપિયા થાય.' શેઠે ખુલાસો કર્યો.

આ ખુલાસો સાંભળ્યા પછી પંડિત અભયરામજીને કંઈ વિશેષ કહેવાનું હતું નહિ, એટલે કપાળે હાથ મૂકીને કહ્યું કે-

ઊલટી ગતિ ગોપાળની, થઇ ગઈ વિશ્વા વીશ;
રામજનીને સાતસો, અભયરામને ત્રીશ.

'ગોપાળની (ભગવાનની) ગતિ વીશ વિશ્વા (સોએ સો ટકા) ઊલટી થઇ ગઇ છે, નહિ તો નાચ કરીને લોકોનું મન રંજન કરનારી રામજનીને એક રાત્રિના સાતસો રૂપિયા અને ભગવાનની પરમ પવિત્ર કથા કરનાર અભયરામને ત્રીશ દિવસના ત્રીશ રૂપિયા કેમ મળે ?'

શ્રુતિના લાભ સંબંધી શાસ્ત્રકારોએ પોકાર કરીને કહ્યું છે કે-

" सवणे नाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अनिह्नए तवे चेव, वोदाणे अकिरियनिव्वाणे ॥"

" શાસ્ત્રશ્રવણથી જ્ઞાન થાય છે, જ્ઞાનથી વિજ્ઞાન (વિશેષ જ્ઞાન–વિશદ જ્ઞાન) થાય છે, વિજ્ઞાન થતાં પ્રત્યાખ્યાન (સાવદ્યનો ત્યાગ) થાય છે, પ્રત્યાખ્યાન થતાં સંયમ થાય છે, સંયમ થતાં અનિહ્નવતા (શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પ્રમાણે જ વર્તવાની ઇચ્છા) થાય છે, અનિહ્નવતા થતાં તપ થાય છે, તપ થતાં કર્મની નિર્જરા થાય છે, કર્મની નિર્જરા થતાં અક્રિયાપણું થાય છે અને અક્રિયાપણું થતાં નિર્વાણની પ્રાપ્તિ થાય છે."

પરંતુ લક્ષ્મી અને લલનાની લાલચમાં લપટાયેલો જીવ તેના પર લક્ષ્ય જ ક્યાં આપે છે ? અથવા આપે છે તો અનેક જાતની શંકાઓ કરે છે, જેમકે ' શાસ્ત્રની અમુક વાતો માની શકાય તેવી નથી. અથવા આ શાસ્ત્રોના પ્રરૂપકો સર્વજ્ઞ હતા તેની શું ખાતરી ? વળી એક શાસ્ત્ર બીજા શાસ્ત્રનું

ખંડન કરે છે, તો તેમાં સાચું શું સમજવું ? અને કદાચ શાસ્ત્રો સાચાં હોય તો પણ એ પ્રમાણે ચાલવાનું બની શકે તેવું ક્યાં છે ? જો એમાં લખેલું બધું માની લઈએ અને કરવા લાગીએ તો આપણાં બૈરાં--છોકરાં જ રઝળી પડે !' વગેરે. પરંતુ તે વખતે એવો વિચાર કરતો નથી કે 'મારું જ્ઞાન અલ્પ છે, મારી બુદ્ધિ બહુ ટૂંકી છે અને મારી સમજ-શક્તિ ઘણી ખામીભરેલી છે, તેથી હું માનું છું કે સમજું છું તેથી ભિન્ન પરિસ્થિતિ હોવાનો પણ સંભવ છે. વળી પૂર્વાપર અવિરુદ્ધ અને નિતાન્ત હિતકારી એવાં વચનો સર્વજ્ઞો સિવાય બીજાં કોનાં સંભવે ? અને યુક્તિઓ વડે ગમે તેવી સાચી વસ્તુઓનું પણ ખંડન કરી શકાય છે તો એ યુક્તિ-ઓથી જ કાં ન સર્યું ! તે જ રીતે શાસ્ત્રો નિશ્ચય અને વ્યવહાર બંનેને અનુસરનારાં હોય છે, એટલે તેમાં કોઈ પણ વસ્તુનું એવું પ્રતિપાદન ન જ હોય કે જે અવ્યવહાર્ય હોય--આચરી ન શકાય તેવું હોય. તાત્પર્ય કે–શાસ્ત્રોમાં લખેલી વાતો પ્રમાણે ચાલવાનું મને અઘરું લાગે છે, તે મારી પોતાની જ નબળાઈનું પરિણામ છે. વળી શાસ્ત્રોમાં લખ્યા પ્રમાણેનું વર્તન કરતાં આનંદ--મંગલ થવાનો જ સંભવ છે એટલે તેણે બતાવેલા ઉપાયોની મંગલમયતામાં શંકા કરવી તે મારા માટે હરગીઝ ઉચિત નથી.' પરંતુ અભિનિવેશથી આવિષ્ટ થયેલો આત્મા બીજી બાજુનો વિચાર જ ક્યાં કરે છે ? એ તો પોતાને અનુકૂળ હોય તેવી જ દલીલો--તેવાં જ પ્રમાણો આગળ કરે છે અને એ રીતે પોતાને ગમતી વાત પર સંમતિની મહોર મારે છે અને બાકીની વાતોને ઉડાવી દેવાનો પ્રયત્ન કરે છે !

અને તેથી જ અનંત ઉપકારી સર્વજ્ઞ મહાપુરુષોએ પ્રરૂપેલાં તત્ત્વો પર તે નિઃશંક બનીને શ્રદ્ધા રાખતો નથી. આ રીતે શ્રદ્ધા તેને માટે પરમ દુર્લભ બની જાય છે.

કેટલાક આત્માઓ શાસ્ત્રશ્રવણના યોગથી શ્રદ્ધાસંપન્ન બને છે એટલે સંયમી પ્રત્યે સદ્ભાવ ધરાવે છે, તપસ્વીઓ પ્રત્યે તુષ્યમાન રહે છે અને ધર્મનો ઉદ્યોત થતો હોય તો અત્યંત ઉલ્લાસ અનુભવે છે પણ જાતે કોઇ જાતનું વ્રત-પચ્ચકખાણ કરી શકતા નથી. ઉપવાસ તેમને અઘરો લાગે છે, આયંબિલથી તેમને અકળામણ થાય છે, નીવી કે એકાસણું તેમને અનુકૂળ પડતું નથી! અરે! એક પોરિસી કે નવકારસી જેવો નાનકડો નિયમ પણ તેમને ભારે લાગે છે! પછી બીજાં મોટાં વ્રત-વિધાનોની તો વાત જ ક્યાં રહી? એટલે સંયમની શક્તિને પણ દુર્લભ માનવામાં આવી છે.

આમ છતાં એક વાત નિશ્ચિત છે કે-જે આત્માને એક વાર પણ શ્રદ્ધાનો સ્પર્શ થયો છે, તે વહેલો-મોડો પણ તત્ત્વબોધ પામીને સંયમી બનવાનો અને તપનું આલંબન લઇને કર્મને ખપાવતો થકો સિદ્ધ, બુદ્ધ તથા પારગત થવાનો. અનુભવી પુરુષોનું એ એલાન છે કે 'જે આત્મા શ્રદ્ધાથી સંપન્ન થશે તે મોડામાં મોડો અર્ધ--પુદ્ગલપરાવર્તન--કાળમાં અવશ્ય મોક્ષને પામશે.'

## ૪. મિથ્યાત્વની ભયંકરતા

અહીં એક વસ્તુ સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે શ્રદ્ધા એ આત્માનો મૂળ ગુણ હોવાથી પ્રત્યેક આત્મામાં તે

સત્તારૂપે રહેલી છે, પણ અનાદિ કાળના મિથ્યાત્વના યોગે તેનું પ્રાકટ્ય થતું નથી, એટલે તેને પ્રકટાવવા માટે--તેની પ્રાપ્તિ કરવા માટે મિથ્યાત્વનો નાશ આવશ્યક છે. આ દૃષ્ટિએ જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

"न मिथ्यात्वसमः शत्रु–र्न मिथ्यात्वसमं विषम् ।
न मिथ्यात्वसमो रोगो, न मिथ्यात्वसमं तमः ॥"

"આ જગતમાં શત્રુઓ ઘણા હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી; વિષ અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઇ વિષ નથી; રોગ અનેક પ્રકારના હોય છે, પણ મિથ્યાત્વ જેવો કોઈ રોગ નથી; અને અંધારું અનેક પ્રકારનું હોય છે, પણ મિથ્યાત્વ જેવું કોઈ અંધારું નથી."

મિથ્યાત્વનો યોગ્ય પરિચય આપવા માટે શાસ્ત્રકારોએ તેના જુદા જુદા ભેદોનું વર્ણન કર્યું છે, જેમાંનાં દશ, પાંચ અને છ ભેદો વધારે મહત્ત્વના હોવાથી અહીં રજૂ કરવામાં આવે છે.

## ૫. દશ પ્રકારનું મિથ્યાત્વ

"दसविधे मिच्छत्ते पण्णत्ते, तं जहा (१) अधम्मे धम्मसण्णा (२) धम्मे अधम्मसण्णा (३) अमग्गे मग्गसण्णा (४) मग्गे अमग्गसण्णा (५) अजीवेसु जीवसण्णा (६) जीवेसु अजीवसण्णा (७) असाहुसु साहुसण्णा (८) साहुसु असाहुसण्णा (९) अमुत्तेसु मुत्तसण्णा (१०) मुत्तेसु अमुत्तसण्णा ॥"

મિથ્યાત્વ દશ પ્રકારનું કહેલું છે. તે આ રીતે—

( ૧ ) **અધર્મમાં ધર્મસંજ્ઞા**-હિંસામય યજ્ઞ કરવો તે અધર્મ છે, છતાં તેને ધર્મ માનવો તે. એ જ રીતે બધા આશ્રવદ્વારોનું સમજવું.

( ૨ ) **ધર્મમાં અધર્મસંજ્ઞા**--શ્રી જિનેશ્વર--ભાષિત જ્ઞાન, દર્શન અને ચારિત્રમય શુદ્ધ ધર્મને અધર્મ માનવો તે.

( ૩ ) **અમાર્ગમાં માર્ગસંજ્ઞા**--કુદેવ, કુગુરુ અને કુધર્મને સેવવારૂપ અમાર્ગને માર્ગ માનવો તે.

( ૪ ) **માગમાં અમાર્ગસંજ્ઞા**--સમ્યક્ત્વ સહિત સંવર ભાવ સેવન કરવારૂપ માર્ગને અમાર્ગ માનવો તે.

( ૫ ) **અજીવમાં જીવસંજ્ઞા**--અજીવને જીવ માનવો તે. જેમકે ' આકાશમાં પણ જીવ છે. '×

( ૬ ) **જીવમાં અજીવસંજ્ઞા**--ચૈતન્ય લક્ષણવાળાને અજીવ માનવો તે. જેમકે ' પૃથ્વી અજીવ છે. '

( ૭ ) **અસાધુમાં સાધુસંજ્ઞા**--આરંભ--પરિગ્રહથી યુક્ત, વિષયકષાયથી પૂર્ણ, લક્ષ્મીના લાલચુ, ખોટી શ્રદ્ધા કરાવનાર, લોહના નાવ સમાન અસાધુને સાધુ માનવા તે.

( ૮ ) **સાધુમાં અસાધુસંજ્ઞા**--સત્તાવીશ ગુણયુક્ત તરણ-તારણ જહાજ સમાન શુદ્ધ પ્રરૂપક એવા સાધુને અસાધુ માનવા તે.

---

× " क्षितिजलपवनहुताशन–यजमानाकाशचन्द्रसूर्याख्याः ।
इति मूर्तयो महेश्वर–सम्बधिन्यो भवन्त्यष्टौ ॥ "

( ૯ ) **અમુક્તમાં મુક્તસંજ્ઞા**--લોકવ્યવહારમાં પ્રવૃત્ત એવા અમુક્ત આત્માઓને મુક્ત માનવા તે.

( ૧૦ ) **મુક્તમાં અમુક્તસંજ્ઞા**--જે સર્વ કર્મો ખપાવીને મુક્ત થયા છે તેને અમુક્ત માનવા તે.

## ૬. પાંચ પ્રકારનું મિથ્યાત્વ

"आभिग्गहियं अणभिग्गहियं तह अभिनिवेसिअं चेव।
संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा भणिअं ॥"

'મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. તે આ રીતે—

( ૧ ) **આભિગ્રહિક**—ખરા-ખોટાની પરીક્ષા કર્યા વિના પોતાની મતિમાં આવ્યું તે જ સાચું માની લેવું તે.

( ૨ ) **અનભિગ્રહિક**—બધા ધર્મોને સારા માનવા, બધાં દર્શનોને રૂડાં માનવાં, સહુને વંદવું, સહુને પગે લાગવું એમ વિષ અને અમૃતને સરખાં ગણવાં તે.

( ૩ ) **અભિનિવેશિક**—સત્ય માર્ગ જાણ્યા છતાં કોઈ પ્રકારનો આગ્રહ બંધાઈ જવાથી અસત્ય માર્ગની પ્રરૂપણા કરવી તે.

( ૪ ) **સાંશયિક**—પોતાના અજ્ઞાનથી જિનવાણીના અર્થો સમજે નહિ અને તેમાં ડગમગતો રહે તે.

( ૫ ) **અનાભોગિક**—અજાણપણે કંઈ સમજે નહિ તે. અવ્યક્ત એવા એકેંદ્રિયથી આરંભીને અસંજ્ઞી પંચેંદ્રિય સુધીના જીવોને આ પ્રકારનું મિથ્યાત્વ હોય છે.

## ૭. છ પ્રકારનું મિથ્યાત્વ

( ૧ ) **લૌકિક દેવગત**—રાગ, દ્વેષ, મોહ આદિ દોષોવાળા લૌકિક દેવોને પૂજવા તથા તેમનો કહેલો ધર્મ પાળવો તે.

( ૨ ) **લૌકિક ગુરુગત**—કંચન કામિનીના ભોગી, સંસાર-સુખમાં આસક્ત, કંદમૂળભક્ષણ તથા રાત્રિભોજનાદિ પાપ-ક્રિયામાં પ્રવૃત્તિ કરનાર બાવા, જોગી કે સાધુ–સંન્યાસીઓને ગુરુ માનવા તે.

( ૩ ) **લૌકિક પર્વગત**—હોળી, બળેવ, નવરાત્રિ વગેરે મિથ્યાત્વીઓએ કલ્પેલા પર્વોને પર્વ માનીને તેનું આરાધન કરવું તે.

( ૪ ) **લોકોત્તર દેવગત**—સર્વ દોષથી મુક્ત અને વીતરાગ એવા લોકોત્તર દેવ શ્રી અરિહંત ભગવંતની આ લોક–પરલોકના પૌદ્ગલિક સુખની વાંચ્છાએ માનતા માનવી તે.

( ૫ ) **લોકોત્તર ગુરુગત**--શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્રવાળા સાધુને આ લોક--પરલોકના સુખની વાંછાએ વાંદવા, પૂજવા, પડિલાભવા તે. અથવા પાસથ્થા અને માત્ર વેશધારી એવા જૈન સાધુને ગુરુ માનવા તે.

( ૬ ) **લોકોત્તર પર્વગત**–જિનરાજના કલ્યાણક દિવસે તથા આઠમ–ચૌદશાદિ પર્વદિવસે આ લોક--પરલોકના સુખને અર્થે આયંબિલ--એકાસણુ વગેરે તપ કરવાં તે.

## ૮. મિથ્યાત્વના ભેદોનું તાત્પર્ય

મિથ્યાત્વના આ ભેદોનું તાત્પર્ય એ છે કે ‘ મારું તે જ સાચું ’ એવી મનોવૃત્તિ( અભિગ્રહ )ને લીધે, સત્ય અને

અસત્યનો નિર્ણય કરવાની ઉદાસીનતા( અનભિગ્રહ )ને લીધે, પકડેલું નહિ છોડવાની ટેવ( અભિનિવેશ )ને લીધે તથા અનિર્ણયાત્મક મનોદશા( સંશય )ને લીધે તથા ઉપયોગની ખામી( અનાભોગ )ને લીધે જીવનો **દષ્ટિવિપર્યાસ** થાય છે, તેથી તે ધર્મ, માર્ગ, આત્મા, સાધુ અને મુક્તિ જેવા મહત્ત્વના વિષયોમાં ખોટી માન્યતા ધરાવતો થાય છે અને જે દેવ, ગુરુ તથા પર્વો લૌકિક એટલે સામાન્ય કોટિના--માત્ર વ્યાવહારિક સપાટીને જ સ્પર્શનારાં છે તેમાં પણ અનુરાગવાળો થાય છે તથા જે દેવ, ગુરુ અને પર્વો લોકોત્તર એટલે ઉત્તમ કોટિનાં--તાત્ત્વિક ભૂમિકાને સ્પર્શનારાં છે, તેમના વડે શ્રેયની સાધના કરી લેવાને બદલે પ્રેયની પેરવીમાં પડે છે અને એ રીતે ભયંકર ભવસમુદ્રનો પાર તે કદી પણ પામી શકતો નથી.

આ વાતને હજી પણ ટુંકાવીને કહેવી હોય તો એમ કહી શકાય કે–મિથ્યાત્વ એ એક પ્રકારનો દૃષ્ટિવિપર્યાસ છે અને તે અભિગ્રહ, અનભિગ્રહ, અભિનિવેશ, સંશય અને અનાભોગ એ પાંચ કારણોને લીધે થાય છે, તેથી મિથ્યાત્વનો નાશ ઇચ્છનારે એ પાંચ કારણોને છોડી દેવાં.

અભિગ્રહને છોડવો એટલે '**સારું તે મારું**' એવી મનોવૃત્તિ કેળવવી, અનભિગ્રહને છોડવો એટલે '**સત્યનો આગ્રહ**' રાખવો, અભિનિવેશને છોડવો એટલે '**ખોટું જતું કરવાની હિમ્મત**' કેળવવી, સંશયને છોડવો એટલે '**નિશ્ચયાત્મક વલણ**' ધારણ કરવું અને અનાભોગને છોડવો એટલે વાતમાં '**ઉપયોગવંત**' થવું.

## ૯. શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ

આ ગુણો પણ એક રીતે ઔપચારિક છે, કારણ કે 'સારું તે મારું', અને 'સત્યનો આગ્રહ' એ વાસ્તવિક રીતે ભિન્ન નથી. જે આત્મા 'સારું તે મારું' એમ માને છે, તે સત્ય તરફના આગ્રહવાળો જ છે. તે જ રીતે 'સત્યનો આગ્રહ' અને 'ખોટું જતું કરવાની હિમ્મત' એ પણ વાસ્તવિક રીતે જુદા નથી. જેને 'સત્યનો આગ્રહ' છે, તે ખોટું કેમ કરીને પકડી રાખે? અથવા તે ખોટું પકડી રાખે તો તેને સત્યનો આગ્રહ છે એમ કેમ કહેવાય? તે જ રીતે 'ખોટું જતું કરવાની હિમ્મત' અને 'નિશ્ચયાત્મક વલણ'માં પણ વાસ્તવિક તફાવત નથી. જે ખોટું જતું કરે છે, તે સત્યના આગ્રહવાળો હોય છે અને જે સત્યના આગ્રહવાળો હોય છે, તે 'સારું એ મારું" એવું એક 'નિશ્ચયાત્મક વલણ' ધરાવતો હોય છે. તે જ રીતે 'નિશ્ચયાત્મક વલણ' અને 'ઉપયોગ'માં પણ એક પ્રકારનું સામ્ય પ્રવર્તે છે, જેને અપ્રમત્તતા કે જાગરુકતા કહી શકાય. એટલે '**સત્ય પ્રાપ્ત કરવા માટેની આંતરિક જાગૃતિ કે રુચિ**' એ મિથ્યાત્વના નાશનો સાચો અર્થ છે અને તે જ સાચી શ્રદ્ધા છે કે જેને શાસ્ત્રકારો **સમ્યગ્દર્શન, સમ્યગ્-દૃષ્ટિ** કે **સમ્યક્ત્વ**ના નામથી ઓળખે છે. જેમાં કોઈ વિષર્યાસ નથી તેવું દર્શન તે સમ્યગ્દર્શન, જેમાં કોઈ વિપર્યાસ નથી તેવી દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ અને જેમાં વિપર્યાસનો અભાવ છે તે સમ્યક્ત્વ. દર્શન અને દૃષ્ટિ એ એકાર્થી શબ્દો છે એટલે

સમ્યગ્ દર્શન અને સમ્યગ્દૃષ્ટિનો* અર્થ પણ એક જ છે અને તેને જ ટૂંકમાં સમ્યક્ત્વ (સમ્યક્પણાનો ભાવ) કહેવામાં આવે છે. જૈન શાસ્ત્રોમાં અને સાહિત્યમાં (આ પુસ્તકમાં પણ) જ્યાં જ્યાં સમ્યક્ત્વ શબ્દ વપરાયેલો છે ત્યાં ત્યાં તેનો અર્થ આ પ્રકારે જ સમજવાનો છે. સારાંશ કે–

**સત્ય પ્રાપ્ત કરવા માટેની આંતરિક જાગૃતિ કે રુચિ એ સાચી શ્રદ્ધા છે અને તે જ સમ્યક્ત્વ છે.**

---

* શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ ભાષ્યમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્દૃષ્ટિ બન્નેના ભિન્ન અર્થો પણ અપેક્ષાએ જણાવ્યા છે.

: ૨ :

# શ્રદ્ધાની શક્તિ.

## ૧૦. સમ્યક્ત્વનો મહિમા

સમ્યક્ત્વનો મહિમા અપૂર્વ છે. સમ્યક્ત્વની શક્તિ અચિંત્ય છે. તેથી જ શ્રી ભદ્રબાહુસ્વામીએ ઉવસગ્ગહરં નામના પાર્શ્વજિન સ્તવનમાં કહ્યું છે કે—

"तुह सम्मत्ते लद्धे, चिंतामणि--कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ "

"હે ભગવન્! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક એવું તમારું સમ્યક્ત્વ મળવાથી જીવો નિર્વિઘ્ને અજ-રામર સ્થાનને પ્રાપ્ત કરે છે."

કોઈ અન્ય મહર્ષિએ કહ્યું છે કે—

"अतुलगुणनिधानं, सर्वकल्याणबीजं,
जननजलधिपोतं, भव्यसत्त्वैकचिह्नम् ।
दुरिततरुकुठारं, पुन्यतीर्थं प्रधानं,
पिबत जितविपक्षं, दर्शनाख्यं सुधाम्बु ॥ "

"હે લોકો! તમે 'દર્શન' નામના અમૃત જલને પીઓ, કારણ કે તે અતુલ ગુણોનું નિધાન છે, સર્વ કલ્યાણનું બીજ છે, સંસારસાગરને તરી જવા માટેનું વહાણ છે, ભવ્ય જીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો છે, પવિત્ર એવું તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારું છે."

## ૧૧. સમ્યક્ત્વ એ અધ્યાત્મનો એકડો છે

ગણિતને સમજનારા એ વાત સારી રીતે જાણે છે કે–એકડા વિનાનાં મીંડાઓનું મૂલ્ય કંઈ જ નથી, જ્યારે એકડા-વાળા દરેક મીંડાનું મૂલ્ય દશ-દશ ગણું વધારે હોય છે. જેમકે ૦૦૦૦૦૦૦=૦ અને ૧૦૦૦૦૦૦૦=એક ક્રોડ. આવી જ સ્થિતિ આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવર્ત્તે છે. તેમાં શૂન્યના સ્થાને જ્ઞાન તથા ચારિત્ર છે અને એકડાને સ્થાને સમ્યક્ત્વ છે. એટલે સમ્યક્ત્વ હોય તો જ્ઞાન અને ચારિત્રનું ભારે મૂલ્ય છે, અન્યથા તેમની કિંમત કંઇ જ નથી. આ વાતની વિશેષ પ્રતીતિ અંગાર-મર્દકસૂરિનો પ્રબંધ જાણવાથી થઇ શકશે.

## ૧૨. અંગારમર્દકસૂરિનો પ્રબંધ

ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરમાં શ્રી વિજયસેનસૂરિ નામે આચાર્ય હતા. તેમના એક શિષ્યને રાત્રિના સમયે સ્વપ્ન આવ્યું કે–પાંચ સો સુંદર હાથી ચાલ્યા આવે છે અને તેમનો નાયક એક ભૂંડ છે. પ્રાતઃકાલ થતાં તેણે આ સ્વપ્ન ગુરુને જણાવ્યું અને તેનો અર્થ પૂછ્યો, એટલે ગુરુએ સર્વ શિષ્યો

સાંભળે તે રીતે કહ્યું કે ' આજે અહીં પાંચ સો સુવિહિત સાધુઓ સાથે એક અભવ્ય આચાર્ય આવશે. '

હવે તે જ દિવસે પાંચ સો સાધુઓથી પરિવરેલા રૂદ્ર નામના એક આચાર્ય ત્યાં આવ્યા, પરંતુ તેઓ શ્રુતસાહિત્યના પારગામી હતા અને પ્રભાવશાળી દેશનાવડે લોકોના મનનું અજબ આકર્ષણ કરતા હતા, તેથી શિષ્યોને શંકા થઈ કે ' આ સાધુઓ સુવિહિત છે અને આચાર્ય અભવ્ય છે, તેનું પ્રમાણ શું ? '

શ્રી વિજયસેનસૂરિએ પોતાના શિષ્યોની આ શંકા દૂર કરવાનો નિર્ણય કર્યો અને તે માટે રુદ્રાચાર્ય તથા તેમના શિષ્યોને રાતે લઘુનીતિ( પેશાબ ) કરવાના સ્થાન પર ગુપ્ત રીતે નાના નાના કોયલા( અંગાર ) પથરાવી દીધા.

હવે પાછલી રાતે રુદ્રાચાર્યના શિષ્યો લઘુનીતિ કરવાને ઉઠ્યા ત્યારે પગ નીચે કોયલા દબાવાથી ચૂંચૂં અવાજ થયો, તે સાંભળીને તેમને લાગ્યું કે ' કોઇ ત્રસ જીવો અમારા પગ નીચે ચંપાયા. ' એટલે ભવભીરુ સાધુઓ અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને લાગેલા પાપનું પ્રતિક્રમણ કરવાને પ્રવૃત્ત થયા. આથી સૂરિજીના શિષ્યોને ખાતરી થઈ કે ગુરુજીના કહેવા મુજબ આ સાધુઓ સુવિહિત છે.

થોડીવાર પછી રુદ્રાચાર્ય પોતે લઘુનીતિ કરવાને ઊઠ્યા ત્યારે તેમના પગ નીચે કોયલા દબાવાથી-અંગારાનું મર્દન થવાથી ચૂંચૂં અવાજ થવા લાગ્યો અને તેમને લાગ્યું કે ' કોઇ ત્રસ જીવો મારા પગ નીચે ચંપાય છે, ' પરંતુ એ દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરવાને બદલે તેઓ વધારે જોરથી પગ મૂકીને બોલ્યા કે ' અહીં

કોઈ અરિહંતના જીવો પોકાર કરતા લાગે છે!' અર્થાત્ 'આ જીવો મારા પગ નીચે ચંપાવાની રાહ જોઈને બેઠા છે કે જેથી તેમની સદ્ગતિ થાય અને આગામી ભવે અરિહંતનું પદ પામે.' આ શબ્દો કાનોકાન સાંભળતાં સૂરિજીના શિષ્યોને ખાતરી થઈ કે 'રુદ્રાચાર્ય જરૂર કોઇ અભવ્ય આત્મા છે, અન્યથા તેમનું વર્તન આવા પ્રકારનું હોય નહિ.' જેને અરિહંત દેવમાં શ્રદ્ધા નથી, તેમના પ્રવચનમાં શ્રદ્ધા નથી, અને તેમાં પ્રરૂપાયેલાં અહિંસા, સંયમ તથા તપની મંગલમયતામાં પણ શ્રદ્ધા નથી, તે સમ્યક્ત્વથી વિભૂષિત કેમ હોઈ શકે? અને એ વાત નિશ્ચિત છે કે—

" काले सुपत्तदाणं, सम्मत्तविसुद्धबोहिलाभं च ।
अंते समाहिमरणं, अभवजीवा न पावंति ॥ "

"અવસરે સુપાત્ર દાન, સમ્યગ્ રીતે વિશુદ્ધ એવા સમ્યક્ત્વનો લાભ અને અંતે સમાધિમરણ એ અભવ્ય જીવો પામી શકતા નથી."

એટલે ગુરુએ કહેલી વાત અક્ષરશઃ સાચી છે. તેમાં શંકા કરવા જેવું કંઈ જ નથી.

પ્રાતઃકાલે શ્રી વિજયસેનસૂરિએ રુદ્રાચાર્યના શિષ્યોને કહ્યું કે--હે શ્રમણો! આ ગુરુ તમારે સેવવા લાયક નથી, કારણ કે તે કુગુરુ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" सप्पो इक्कं मरणं, कुगुरू दिंति अणंताइं मरणाइं ।
तो वर सप्पं गहियं, मा कुगुरुसेवणा भद्दा ॥ "

"સર્પ ડસ્યો હોય છે, તો એક વાર મરણ થાય છે, પરંતુ કુગુરુ તો અનંત ભવ સુધી અનંત વાર મારે છે, તેથી સર્પને ગ્રહણ કરવો સારો પણ કુગુરુની સેવા કરવી સારી નહિ."

આ વસ્તુ મારે તમને એટલા માટે કહેવી પડે છે કે—

"भट्ठायारो सूरि, भट्ठायाराणुविक्खओ सूरि ।
उम्मग्गट्ठिओ सूरि, तिन्नि वि मग्गा पणासंति ॥"

"ભ્રષ્ટ આચારવાળો આચાર્ય, ભ્રષ્ટ આચારવાળાને નહિ રોકનારો આચાર્ય અને ઉન્માર્ગની પ્રરૂપણા કરનારો આચાર્ય એ ત્રણે ધર્મમાર્ગનો નાશ કરે છે."

આ સાંભળી રુદ્રાચાર્યના શિષ્યોએ પોતાના ગુરુને છોડી દીધા અને શુદ્ધ ચારિત્રનું પાલન કરીને અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ કરી, પરંતુ અંગારમર્દક રુદ્રાચાર્ય સમ્યક્ત્વના અભાવે આ અપાર સંસારમાં રખડતા જ રહ્યા અને નવી નવી યોનિઓમાં જન્મ ધારણ કરીને દુઃખી થયા.

## ૧૩. શાસ્ત્રકારોનો અભિપ્રાય

તેથી જ શાસ્ત્રકારોએ એવો અભિપ્રાય આપ્યો છે કે—

"श्लाघ्यं हि चरणज्ञानवियुक्तमपि दर्शनम्,
न पुनर्ज्ञानचारित्रे, मिथ्यात्वविषदूषिते ।
ज्ञानचारित्रहीनोऽपि, श्रूयते श्रेणिकः किल,
सम्यग्दर्शनमाहात्म्यात्तीर्थकृत्वं प्रपत्स्यते ॥"

"જ્ઞાન અને ચારિત્ર રહિત કેવલ સમ્યક્ત્વ પ્રશંસનીય

છે, પણ મિથ્યાત્વરૂપી વિષથી દૂષિત થયેલા જ્ઞાન અને ચારિત્ર પ્રશંસનીય નથી. એવું સંભળાય છે કે શ્રેણિક રાજા જ્ઞાન અને ચારિત્રથી રહિત હતાં, છતાં સમ્યગ્દર્શનના પ્રભાવથી (આગામી કાળે) તીર્થંકરપણાને પામશે."

"दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च।
सुश्रावकत्वं व्रतपालनं च,
सम्यक्त्वमूलानि महाफलानि ॥"

"વિવિધ પ્રકારનાં દાનો, વિવિધ પ્રકારનાં શીલો, વિવિધ પ્રકારનાં તપો, પ્રભુપૂજા, મહાન્ તીર્થોની યાત્રા, ઉત્તમ દયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન સમ્યક્ત્વપૂર્વક હોય તો જ મહાફલને આપનારાં થાય છે."

"विना सम्यक्त्वरत्नेन व्रतानि निखिलान्यपि,
नश्यन्ति तत्क्षणादेव ऋते नाथाद्यथा चमूः।
तद्विमुक्तः क्रियायोगः प्रायः स्वल्पफलप्रदः,
विनानुकूलवातेन कृषिकर्म यथा भवेत् ॥"

"સમ્યક્ત્વ રત્ન વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરત જ નાશ પામે છે. અનુકૂળ પવન વિના જેમ ખેતી ફલદાયક થતી નથી, તેમ સમ્યક્ત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પફળ આપનારી થાય છે."

"ध्यानं दुःखनिधानमेव तपसः सन्तापमात्रं फलं,
स्वाध्यायोऽपि हि वन्ध्य एव सुधियां तेऽभिग्रहाः कुग्रहाः।

अश्लीला खलु दानशीलतुलना तीर्थादियात्रा वृथा,
सम्यक्त्वेन विहीनमन्यदपि यत् तत् सर्वमन्तर्गडु ॥ "

"સમ્યક્ત્વ વિના ધ્યાન એ માત્ર દુ:ખનું નિધાન જ થાય છે, તપનું ફળ માત્ર સંતાપ જ મળે છે, સ્વાધ્યાય પણ વંધ્ય જ થાય છે, અભિગ્રહો ધારણ કરવા તે માત્ર કદાગ્રહ ગણાય છે, દાન-શીલાદિની તુલના પણ પ્રશસ્ત થતી નથી અને તીર્થયાત્રા પણ વૃથા જ થાય છે. આ સિવાય બીજી પણ બધી પુણ્ય ક્રિયાઓ નિષ્ફળ થાય છે."

વધારે શું ?

"सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबंधोर्न परो हि बन्धुः
सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥ "

"સમ્યક્ત્વ-રત્નથી કોઇ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યક્ત્વ-મિત્રથી કોઇ શ્રેષ્ઠ મિત્ર નથી, સમ્યક્ત્વ-બંધુથી કોઇ શ્રેષ્ઠ બંધુ નથી, સમ્યક્ત્વના લાભથી વધારે કોઈ લાભ નથી."

સમ્યક્ત્વનો લાભ થતાં દૃષ્ટિનો વિપર્યાસ ટળી જાય છે અને દૃષ્ટિનો વિપર્યાસ ટળી જતાં આત્માના અધ્યવસાયમાં મહાન્ પરિવર્તન થાય છે. આ વાત વધારે સ્પષ્ટ રીતે સમજવા માટે કપિલ કેવલીનું દૃષ્ટાંત વિચારણીય છે.

## ૧૪. કપિલ કેવળીનું દૃષ્ટાંત

કૌશાંબીનગરીના રાજપુરોહિત કાશ્યપને કપિલ નામે પુત્ર હતો,

જે વિદ્યાધ્યયન નહિ કરવાથી મૂર્ખ રહ્યો. આ કારણથી પુરોહિત કાશ્યપ ગુજરી જતાં રાજાએ બીજા કોઈને પુરોહિત બનાવ્યો. એ પુરોહિત એક દિવસ ખૂબ ઠાઠમાઠથી કપિલના ઘર આગળથી પસાર થયો, એટલે કપિલની વિધવા માતાને બહુ લાગી આવ્યું. તે જોઈને કપિલે તેને કારણ પૂછયું ત્યારે માતાએ કહ્યું કે–"બેટા ! જો તું ભણી–ગણીને હોશિયાર થયો હોત તો આજે રાજપુરોહિતની સાહેબી ભોગવતો હોત ને બધા લોકો તને ખમ્મા ખમ્મા કરતા હોત. પણ તું કંઈ ભણ્યો–ગણ્યો નહિ, એટલે તારા બાપનું પદ આજે બીજો ભોગવે છે. અરેરે ! આ તો 'ખોદે ઊંદર અને ભોગવે ભોરીંગ' તેના જેવું થયું !"

આ વચનો સાંભળીને કપિલને બહુ લાગી આવ્યું, તેથી થોડી વાટખરચી લઈને તે શ્રાવસ્તી નગરીએ ગયો અને ત્યાં માધુકરી (ભિક્ષાવૃત્તિ) કરીને ઇંદ્રિદત્ત નામના ઉપાધ્યાયની પાઠ-શાળામાં ભણવા લાગ્યો. એ રીતે કેટલોક કાલ વિદ્યાધ્યયન કરતાં તેની મૂર્ખતા ઘણા અંશે ઓછી થઈ અને તેની ગણના એક હોશિયાર છાત્ર તરીકે થવા લાગી. પણ એવામાં તે મનોરમા નામની એક વિધવા બ્રાહ્મણીના પરિચયમાં આવ્યો અને તેના પ્રેમમાં પડ્યો. ખરેખર !

"सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायड्डि ।
कामग्गहो दुरप्पा, जेणभिभूयं जगं सव्वं ॥"

"સર્વ ગ્રહોનું ઉત્પત્તિ સ્થાન અને સર્વ દોષોનો ભંડાર એવો કામગ્રહ તે મહાગ્રહ છે કે જે દુરાત્મા સર્વ જગતને પરાભવ પમાડે છે."

અથવા તો—

" किमु कुवलयनेत्राः संति नो नाकनार्य-
स्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे ।
हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्ना-
वुचितमनुचितं वा वेत्ति कः पण्डितोऽपि ? ॥ "

'કમલ જેવા નેત્રોવાળી દેવાંગનાઓની ઇંદ્રને શું ખોટ હતી કે તે અહલ્યા તાપસીમાં આસક્ત થયો ? ખરેખર ! હૃદયરૂપી પર્ણકુટીમાં કામાગ્નિ દીપ્યમાન થતાં પંડિતો પણ ઉચિત અનુચિતને સમજી શકતા નથી.'

એક વાર મનોરમાએ કપિલને ઉદ્દેશીને કહ્યું કે 'નાથ ! અત્યાર સુધી આપણો ગુજારો ગમે તેમ ચાલ્યો પણ હવે ત્રીજું જણ ઘરમાં આવશે, માટે તેના નિર્વાહનો કોઇ ઉપાય કરો.'

આ સાંભળીને કપિલ બાઘા જેવો બની ગયો. શું ધંધો કરવો તેની તેને સમજ પડી નહિ. ત્યારે મનોરમાએ કહ્યું કે-- 'નાથ ! મૂંઝાવાની જરૂર નથી. આપણા ગામનો રાજા સવારમાં પહેલો આશીર્વાદ આપનાર બ્રાહ્મણને બે માસા સોનાનું દાન કરે છે, માટે તેને પહેલો આશીર્વાદ આપી આવો અને બે માસા સોનું લઇ આવો. તેનાથી આપણું કામ નભશે.'

બીજા દિવસે કપિલ વહેલો ઊઠ્યો અને રાજમહેલ આગળ ગયો, પણ ત્યાં કોઇ બ્રાહ્મણે આશીર્વાદ આપી દીધા હતા. બીજા દિવસે પણ તેમજ બન્યું. ત્રીજો દિવસ પણ એ રીતે જ પસાર થયો અને ચોથા દિવસે પણ કંઇ યારી આપી નહિ.

એમ કરતાં આઠ દિવસો વ્યતીત થયા, એટલે નવમે દિવસે તે ખૂબ જ વહેલો ઊઠ્યો અને દોડવા લાગ્યો.

કપિલને આ રીતે દોડતો જોઇને પહેરેગીરોએ પકડી લીધો અને કોટડીમાં પૂર્યો. પછી પ્રાતઃકાળ થતાં તેને રાજા આગળ રજૂ કરવામાં આવ્યો, ત્યારે ભયનો માર્યો તે થરથર ધ્રૂજવા લાગ્યો. આ જોઇને રાજા સમજી ગયો કે ' આ કોઇ ધંધાદારી ચોર નથી પણ સામાન્ય રાહદારી લાગે છે.' પછી રાજાના પૂછવાથી કપિલે બધી હકીકત કહી સંભળાવી. તે સાંભળીને રાજાએ કહ્યું કે--મને આશીર્વાદ આપવા માટે તેં જે મુશીબતો ઉઠાવી છે તેની હું કદર કરું છું માટે તારે જે માગવું હોય તે માગી લે.'

કપિલે કહ્યું: ' મહારાજ ! અત્યારે મારું મન વિહ્વળ છે, તેથી થોડો સમય આપો તો વિચારીને માગું.'

રાજાએ તે માગણી કબૂલ રાખી એટલે કપિલ એક બાગમાં ગયો અને ત્યાં બેસીને વિચાર કરવા લાગ્યો: ' શું માગું ? બે માસા સોનાને બદલે પાંચ સોનૈયા માગું ? પણ એટલામાં શું પૂરું થશે ? માટે પચાશ સોનૈયા માગવા દે.' વળી વિચાર આવ્યો: ' પચાશ સોનૈયા કંઇ અધિક કહેવાય નહિ, એટલી રકમ તો ગમે ત્યાં આડીઅવળી વપરાઇ જાય, માટે સો સોનૈયા જ માગવા દે.' વળી વિચાર આવ્યો: ' સો સોનૈયામાં મારું દાળદર ફીટશે નહિ, માટે હજાર સોનૈયા જ માગવા દે. અથવા તો રાજાને શી ખોટ છે કે તેની પાસેથી માત્ર હજાર સોનૈયા જ માગું ? શા માટે લાખ, દશ લાખ કે ક્રોડ સોનૈયા જ

ન માગવા ?' આમ કપિલની તૃષ્ણા વધતી જ ગઈ અને આખરે તેણે રાજાનું આખું રાજ્ય માગી લેવાનો નિર્ણય કર્યો. બે માસાથી શરુ થયેલી તૃષ્ણા આખા રાજ્યને આંબી ગઈ ! પણ તે જ વખતે તેને એક શ્લોક યાદ આવ્યો:

" धनेषु जीवितव्येषु, स्त्रीषु चाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥ "

'ધન, જીવિતવ્ય, સ્ત્રી અને આહારને વિષે અતૃપ્તિ અનુભવનાર સર્વે આત્માઓ (ખાલી હાથે) ગયા, જાય છે અને જશે.'

અને તેની દૃષ્ટિમાં ભારે પરિવર્તન થયું. તે વિચાર કરવા લાગ્યો: 'મારે આખું રાજ્ય શા માટે જોઈએ ? શું અર્ધાથી ન ચાલે ? પણ અર્ધું યે શા માટે જોઈએ ? રાજકારભારમાં શું સુખ છે ? એ તો એક પ્રકારનો બોજો જ છે. ત્યારે ક્રોડ સોનૈયા રોકડા જ માગું ? પણ એટલી મોટી રકમને લઈને શું કરીશ ? એમાંથી મારા ઉપભોગમાં તો બહુ થોડું ધન જ આવશે. ત્યારે પચાશ લાખ માગું ? પચીશ લાખ માગું કે માત્ર લાખ સોનૈયાથી જ સંતુષ્ટ થાઉં ? પણ લાખ સોનૈયા કોને કહે છે ? એ પણ ઘણા વધારે ગણાય, ત્યારે શું કરું ? પચાસ હજાર માગું ? પચીશ હજાર માગું ? પાંચ હજાર માગું કે માત્ર હજારથી જ પતાવું ! અરે જીવ ! તારે હજાર સોનૈયાની પણ શું જરૂર છે ? એટલા સોનૈયા મળશે તો અભ્યાસમાં ચિત્ત ચોટશે નહિ અને મોજશોખ કરવાનું મન થશે, તેથી સુવાવડના ખર્ચ જેટલા માત્ર પાંચ સોનૈયા જ માગવા દે.' પરંતુ હૃદયે એ વાત પણ કબૂલ કરી નહિ. 'સામા માણસે

છૂટ આપી તેનો લાભ લેવાનો વિચાર શા માટે કરવો ? મૂળ બે માસા સોનાની વાત હતી એટલે તેટલા સોનાથી સંતોષ માનવો એ જ સારું છે.' પરંતુ તે વખતે સત્યને તલસી રહેલી આંતરદૃષ્ટિએ એક વિશેષ પ્રશ્ન રજૂ કર્યો: 'કપિલ ! એટલી તૃષ્ણા પણ શા માટે ? શું તું નથી જાણતો કે સર્વ સુખનો સંહાર કરનારી તૃષ્ણા જ છે કે જેના વડે તું આટલો હીન અને દીન બની ગયો?' અને કપિલે રાજા આગળ જઈને કહ્યું કે 'હે રાજન્ ! મારી કંઈ પણ માગવાની ઇચ્છા નથી.'

રાજાએ કહ્યું: 'ભૂદેવ ! એમ શા માટે ? હું તમને મારી રાજીખુશીથી એક લાખ સોનામહોરો આપું છું, જે તમે ગ્રહણ કરો અને સુખી થાઓ.'

કપિલે કહ્યું: 'રાજન્ ! બે માસા સોનાથી શરૂ થયેલી તૃષ્ણા તારા આખા રાજ્યને આંબી ગઈ ! એટલે જેમ લાભ થતો જાય છે, તેમ લોભ વધતો જાય છે. માટે એ લોભથી-એ તૃષ્ણાથી જ સર્યું ! એ મારો આખરી નિર્ણય છે અને તેને જ હું વળગી રહેવા ઇચ્છું છું.'

સમ્યગ્દૃષ્ટિને પામેલા કપિલને હવે મનોરમાની સૃષ્ટિમાં રસ રહ્યો નહિ. તે સર્વે તૃષ્ણાઓ, સર્વે આશાઓ અને સર્વે અભિલાષાઓનો ત્યાગ કરીને નિઃસંગ થયો-નિર્ગ્રંથ થયો અને સંયમ તથા તપની અદ્ભુત શક્તિ વડે છ માસમાં જ ઘાતી કર્મોનો ક્ષય કરતો થકો કેવલી-કેવલજ્ઞાની બન્યો.

## ૧૫. શ્રદ્ધા : એક દિવ્ય અંજન

સમ્યક્ત્વ અથવા શ્રદ્ધા એક પ્રકારનું દિવ્ય અંજન છે કે

જેનો પ્રયોગ થતાં જ દૃષ્ટિમાં નવું તેજ આવે છે અને લાખો ક્રોડો ભવો સુધી જે વાત જોઇ શકાઈ ન હતી તે એકાએક દેખાવા લાગે છે. આથી વધારે ભવ્ય ચમત્કાર બીજો કયો હોઇ શકે ? આવો ચમત્કાર અનાથીમુનિના જીવનમાં થયો છે અને તેમના સંપર્કમાં આવનાર મગધરાજ શ્રેણિકના જીવનમાં પણ થયો છે. એ આખી ઘટના જાણવાથી પાઠકોને સમ્યક્ત્વ કે શ્રદ્ધામાં રહેલી અપૂર્વ શક્તિનો ખ્યાલ આવી જશે.

## ૧૬. અનાથી મુનિનો પ્રબંધ

રાજગૃહી નગરીની બહાર મંડિતકુક્ષિ નામે એક મનોહર ઉદ્યાન હતું. તેમાં અનેક પ્રકારનાં વૃક્ષો, અનેક પ્રકારની લતાઓ અને અનેક પ્રકારના ફૂલ--છોડો ઊગેલાં હતાં. આ કારણે ભ્રમરો, પક્ષીઓ અને પ્રવાસીઓને તે અતિપ્રિય થઇ પડયું હતું.

મગધરાજ શ્રેણિકને આ ઉદ્યાન ખૂબ જ ગમતું હતું, તેથી તે અવારનવાર અહીં આવતો હતો અને તેના ખુશનુમા વાતાવરણમાં વિહરીને ચિત્તને પ્રમોદ પમાડતો હતો. આજનું તેનું આગમન પણ તેટલા જ કારણે થયું હતું. તે એકલો ઉદ્યાનમાં વિહરીને વૃક્ષોને જોતો હતો, વેલીઓને નિરખતો હતો અને ફૂલ--છોડોનું ધારી ધારીને અવલોકન કરતો હતો. એવામાં તેનું ધ્યાન વિશાળ વૃક્ષના મૂળની પાસે બેઠેલા એક નવયુવાન મુનિ તરફ ખેંચાયું.

એક જ વસ્ત્ર, સ્થિર આસન, ધ્યાનમગ્ન દશા અને મુખ ઉપર અપૂર્વ સૌમ્યભાવ ! આ કારણે મુનિરાજના વ્યક્તિત્વની મગધરાજના મન પર બહુ ઊંડી છાપ પડી અને સદા અક્કડ

રહેવાને ટેવાએલું તેનું મસ્તક એકાએક તેમના ચરણે ઢળી પડયું. પછી વિધિપૂર્વક વંદન કરીને બહુ દૂર પણ નહિ અને બહુ નજીક પણ નહિ એવી રીતે તે મુનિની સામે હાથ જોડીને ઊભો રહ્યો.

થોડીવારે મુનિનું ધ્યાન પૂરું થયું એટલે તેમણે પોતાની સામે હાથ જોડીને ઊભા રહેલા નૃપતિને જોયો અને ધર્મલાભ આપ્યો. એ વખતે મગધરાજે પુનઃ વંદન કર્યું અને નમ્રતાપૂર્વક કહ્યું કે 'હે મુનિવર! જો આપની સાધનામાં કોઇ જાતનો ભંગ ન થતો હોય તો હું એક પ્રશ્ન પૂછવાને ઇચ્છું છું.'

મુનિએ કહ્યુંઃ 'રાજન્! ધર્મકથા અમારા માટે સ્વાધ્યાયરૂપ છે, એટલે તેનાથી અમારી સાધનામાં ભંગ પડતો નથી. એટલી વાતનો ખ્યાલ રાખીને તારે જે પ્રશ્ન પૂછવો હોય તે સુખેથી પૂછ.'

મગધરાજે કહ્યુંઃ 'હે આર્ય! હું એટલું જ જાણવા ઇચ્છું છું કે આવી તરુણ અવસ્થામાં ભોગ ભોગવવાને બદલે આપે સંયમનો માર્ગ શા માટે ગ્રહણ કર્યો? એવું કયું પ્રબળ પ્રયોજન આપને આ ત્યાગ માર્ગ તરફ દોરી ગયું?'

મુનિએ કહ્યુંઃ 'હે રાજન્! હું અનાથ હતો તેથી સંયમ માર્ગને ગ્રહણ કર્યો, ત્યાગ માર્ગનો સ્વીકાર કર્યો.'

મગધરાજે કહ્યુંઃ 'આપ જેવા પ્રભાવશાળી પુરુષને કોઇ નાથ ન મળે એ તો આશ્ચર્ય ગણાય. હે સ્વામિન્! જો એટલા જ કારણે આપે સંયમ માર્ગ ગ્રહણ કર્યો હોય તો હું આપનો

નાથ થવાને તૈયાર છું. આપ મારા રાજમહેલમાં પધારો અને ત્યાં સુખપૂર્વક દિવસો નિર્ગમન કરો.'

મગધરાજના શબ્દોએ મુનિના મુખ પર એક આછું સ્મિત ફરકાવી દીધું, છતાં તે મુનિસુલભ ગંભીરતાથી બોલ્યા: 'હે રાજન્! જે વસ્તુ પોતાના અધિકારમાં હોય છે, તે બીજાને આપી શકાય છે પણ અધિકાર બહારની વસ્તુ આપી શકાતી નથી. એટલે તું મારો નાથ થઈ શકે તેમ નથી, કારણ કે તું પોતે જ અનાથ છે.'

આ જવાબથી વિસ્મય અને આશ્ચર્ય પામેલા મગધરાજે કહ્યું: 'હે પૂજ્ય! આપની વાત પરથી લાગે છે કે આપે મને બરાબર ઓળખ્યો નથી. હું અંગ અને મગધનો મહારાજા શ્રેણિક છું. મારા કબજામાં લાખો ગામડાં છે, વિશાળ સૈન્ય છે, અતુલ રિદ્ધિ--સિદ્ધિ છે અને મારી આજ્ઞા અફર છે. આ સંયોગોમાં હું અનાથ કેમ કહેવાઉં? હે ભગવન્! આપનું કહેવું કદાચ અસત્ય તો ન હોય?'

મુનિએ કહ્યું: 'રાજન્! હું જાણું છું કે તું અંગ અને મગધનો અધિપતિ શ્રેણિક છે અને હજારો હાથી, ઘોડા તથા લાખો સુભટોનો સ્વામી છે, છતાં કહું છું કે મારા નાથ થવું એ તારા અધિકારમાં નથી; તું પોતે જ અનાથ છે.'

મગધરાજે કહ્યું: 'પ્રભો! આપનાં વચનો કદી અસત્ય હોય નહિ, પણ બહુ વિચાર કરતાં એ મને સમજાતું નથી કે હું કેવી રીતે અનાથ છું અને આપનો નાથ થઈ શકું તેમ નથી.'

મુનિએ કહ્યું: 'રાજન્! તું અનાથ અને સનાથના ભાવને સમજી શક્યો નથી.'

આ જવાબે મગધરાજના આશ્ચર્યમાં વધારો કર્યો અને કાંઈક ગ્લાનિ પણ ઉત્પન્ન કરી પરંતુ આ શબ્દોની પાછળ ખરું રહસ્ય શું છે? તે જાણવાની ઉત્કંઠા પ્રબળ બની હતી એટલે કહ્યું કે 'હે કૃપાળુ! મને અનાથ અને સનાથનું રહસ્ય સમજાવવાની કૃપા કરો.'

મુનિએ કહ્યું: 'હે રાજન્! આ શબ્દોનું સાચું રહસ્ય સમજવા માટે તારે મારું પૂર્વ જીવન જાણવું પડશે, એટલે તને એ ટૂંકમાં કહી સંભળાવું છું.'

એ વખતે મગધરાજ નીચે બેઠો અને મુનિ પોતાના પૂર્વ-જીવનની કથા કહેવા લાગ્યા:

પ્રાચીન નગરોમાં સર્વોત્તમ અને ઋદ્ધિસિદ્ધિથી ભરેલી કૌશાંબી નામે નગરી છે. આ નગરીમાં મારા પિતા રહેતા હતા, જે ઘણી માલ--મિલ્કતને લીધે બધા ધનપતિઓમાં અગ્રેસર હતા.

હું મારા પિતાનો બહુ લાડકવાયો પુત્ર હતો, તેથી ખૂબ લાડકોડમાં ઉછર્યો હતો અને પ્રખર પંડિતો તથા કુશલ કલાચાર્યોદ્વારા શિક્ષણ પામ્યો હતો. યોગ્ય ઉંમરે એક કુળવતી કન્યા સાથે મારાં લગ્ન થયાં હતાં અને અમારો સંસાર એકંદર ઘણો સુખી હતો. એ વખતે દુઃખ, મુશ્કેલી, મૂંઝવણ, વિટંબણા, આફત કે પીડા શું કહેવાય તેની મને મુદ્દલ ખબર ન હતી.

એવામાં મારી એક આંખ દુઃખવા આવી અને તેમાંથી

અતુલ પીડા ઉત્પન્ન થઈ. એ પીડાને લીધે મને મુદ્દલ ઊંઘ આવતી નહિ અને જળ વિના જેમ માછલી તરફડે તેમ હું તરફડતો હતો.

આ પીડામાંથી મને બળતરિયો તાવ લાગુ પડ્યો અને મારું આખું શરીર કળવા લાગ્યું તથા માથું ફાટ--ફાટા થવા લાગ્યું. એ દુ:ખનું વર્ણન અત્યારે કહી શકું તેમ નથી.

મારી આ સ્થિતિ જોઈને કુશલ વૈદ્યોને બોલાવવામાં આવ્યા જેમણે ભેગા મળીને મારા રોગનું નિદાન કર્યું અને ચાર પ્રકારની ચિકિત્સાનો પ્રયોગ કર્યો તથા અનેક પ્રકારનાં ઔષધોનો આશ્રય લીધો, પરંતુ તેઓ મને એ દુ:ખમાંથી છોડાવી ન શકયા. હે રાજન્! એ જ મારી અનાથતા.

વૈદ્યો નિષ્ફળ જતાં મારા પિતાએ બીજા અનેક ઉપચાર કર્યાં પણ તેમાંનો કોઈ ઉપચાર મને રોગથી મુક્ત કરી શકયો નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા!

મારી માતા ભારે મમતાળુ હતી અને મને જોઈને ઓછી ઓછી થઈ જતી હતી, તે મને આ દુ:ખમાંથી છોડાવવા માટે અનેક પ્રકારની માન્યતાઓ કરવા લાગી, અને બાધા--આખડીઓ રાખવા લાગી પણ તેમાંની કોઈ માન્યતા કે બાધા-આખડી મને આ દુ:ખમાંથી છોડાવી શકી નહિ એ જ મારી અનાથતા!

એક જ માતાના ઉદરથી જન્મેલા અને સાથે જ ઉછરેલા એવા ભાઈઓ પોતાનો કામધંધો છોડીને મારા પાસે બેસતા, મારા હાથ પગ દબાવતા અને સારી સારી વાતો કરીને મારું

મન બહલાવવાનો પ્રયત્ન કરતા; પણ તેઓ મને આ દુઃખમાંથી મુક્ત કરી શકયા નહિ, એ જ મારી અનાથતા !

મારે બહેનો પણ હતી, જે મારા પર ખૂબ વહાલ રાખતી હતી. તેઓ મને જોવાને આવતી, મારી સાથે વાતો કરતી અને આશ્વાસનના શબ્દો બોલતી પણ તેઓ મને આ દુઃખમાંથી જરા પણ છોડાવી શકી નહિ. હે રાજન્! તે જ મારી અનાથતા !

પત્ની પ્રેમાળ હતી, બહુ સેવાપરાયણ હતી, તે મારું માથું દબાવતી, હાથપગને ચાંપતી અને વસ્ત્રવિભૂષણ તથા ખાવાપીવાનું છોડી દઈને બધો વખત મારી પાસે જ બેસી રહેતી પણ તેય મને આ ભયંકર યાતનામાંથી છોડાવી ન શકી, તે જ મારી અનાથતા !

મારા દિલોજાન મિત્રો મારી આ સ્થિતિ જોઈને દુઃખી થતા, નિસાસો નાખતા અને હરેક પ્રકારે સહાય કરવાને તત્પર રહેતા પણ આ અસહ્ય પીડામાંથી મને મુક્ત કરી શકયા નહિ. હે રાજન્! એ જ મારી અનાથતા.

આ રીતે મેં ચારે બાજુથી અસહાયતા અનુભવી ત્યારે મને લાગ્યું કે--આજ સુધી જેને હું સુખનાં સાધનો માનતો હતો, તે ખરેખર તેવાં ન હતાં. ધન, માલ, ઋદ્ધિસિદ્ધિ, કુટુંબ--કબીલો, સાજન કે મહાજન કોઈ પણ મારી મદદે આવી શક્યું નહિ, મને દુઃખથી મુક્ત કરીને સુખ આપી શક્યું નહિ. એટલે સુખનાં સાધનો કે દુઃખ નિવારણનાં કારણો બીજાં જ હોવા જોઇએ એ વાતની મને **પ્રતીતિ** થઈ. તે વખતે મને યાદ આવ્યું કે 'કરેલાં કર્મોનો ઘણાં કલ્પોએ પણ

ક્ષય થતો નથી. પોતે કરેલાં શુભ કે અશુભ કર્મો અવશ્ય ભોગવવાં પડે છે.' વળી એ વખતે મને એ પણ યાદ આવ્યું કે 'કર્મના હેતુને શોધી કાઢ, ક્ષમાથી કીર્તિ મેળવ. આમ કરવાથી તું ઊંચી દિશામાં જઇશ.' એટલે મારું મન કર્મના હેતુઓને શોધવા લાગ્યું. એ શોધમાં હું સમજી શકયો કે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ વગેરે પાપને પંથે લઇ જનારી પ્રવૃત્તિઓ છે અને તે જ કર્મબંધના હેતુઓ છે, તેથી કર્મબંધનમાંથી છૂટવું હોય તો મારે આ પાપી પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને ક્ષમા, શાંતિ, ત્યાગ આદિ ગુણો કેળવવા જોઇએ.

પરંતુ આ બધું કયારે બને? હું તો રોગ અને પીડાથી ઘેરાઇ ગયો હતો અને મારી જીવનનૌકા ડગમગ ડોલી રહી હતી. હવે જીવવાની કોઈ આશા ન હતી. એટલે આ સ્થિતિમાં સુધારો થાય અને હું પીડામાંથી મુક્ત થાઉં તો જ એ બધું બની શકે. તેથી મેં એ જ વેળા નિશ્ચય કર્યો--સંકલ્પ કર્યો 'જો હું આ રોગમાંથી મુક્ત થઇશ તો ક્ષાન્ત (ક્ષમાવાળો), દાન્ત (ઇંદ્રિયોનું દમન કરનારો) અને નિરારંભી (આરંભ--સમારંભ વિનાનો) થઇશ. તાત્પર્ય કે-સંયમી બનીને નિર્વાણની સાધના કરીશ.

અને રાજન્! એવો સંકલ્પ કરીને જ્યાં મેં સૂવાનો પ્રયત્ન કર્યો કે મને તરત જ નિદ્રા આવી ગઇ અને રાત્રિના વહેવા સાથે મારી વેદના પણ ઓછી થતી ગઈ. એ રીતે સવાર સુધીમાં હું વેદનાથી તદ્દન મુકત થઈ ગયો. આ બધું શાથી બન્યું તે વખતે હું સમજી શકયો નહિ, પણ પછીથી

સમજાયું કે એ ચમત્કાર મારા સંકલ્પનો હતો, મારા નિશ્ચયનો હતો, મારી શ્રદ્ધાનો હતો !

મારી પીડા તદ્દન શાંત થઇ, એ જોઇને બધા બહુ હર્ષ પામ્યા અને તેનો યશ પોતપોતાની પ્રવૃત્તિઓને આપવા લાગ્યા, ત્યારે એ સર્વને શાંત પાડતાં મેં કહ્યું કે 'મને નવું જ જીવન પ્રાપ્ત થયું છે અને તે ફળ મારા શુદ્ધ સંકલ્પનું છે. ગઈ રાત્રે હું એવો સંકલ્પ કરીને સૂતો હતો કે જો હું આ વેદનામાંથી મુક્ત થઇશ તો શાન્ત, દાન્ત અને નિરારંભી થઇશ; માટે આપ મને આજ્ઞા આપો. મારી પ્રતિજ્ઞાનું પાલન મારે બનતી ત્વરાએ કરવું જ જોઈએ.'

મારા આ શબ્દો સાંભળતાં જ સહુની આંખમાંથી દડ દડ આંસુ ખરી પડ્યાં અને તેઓ કહેવા લાગ્યા કે 'સંયમી જીવન સહેલું નથી, એ ખાંડાની ધાર જેવું છે, વેળુના લાડવા ફાકવા જેવું છે, માટે હાલ સબૂર કરો અને અવસરે ઉચિત કરજો.'

ત્યારે મેં કહ્યું: 'આ મોહમય મિથ્યા સંસારમાં રહીને હું જરા પણ આનંદ અનુભવી શકું તેમ નથી, માટે મને રાજીખુશીથી રજા આપો.'

આ રીતે મારા નિશ્ચયમાં હું મક્કમ રહ્યો એટલે સર્વે સંબંધીઓએ છેવટે મને ઇષ્ટ માર્ગે જવાની રજા આપી અને હું આત્મકલ્યાણને સાધવાવાળા અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયો.

હે રાજન્! આ આત્મા પોતે જ વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષ જેવો દુઃખી છે અને કામદુધા ગાય તથા

નંદનવન સમ સુખદાયી છે. આ આત્મા કુમાર્ગે જાય તો પોતે જ પોતાનો શત્રુ છે અને સુમાર્ગે જાય તો પોતે જ પોતાનો મિત્ર છે. એટલે આત્માનું દમન કરવું અને તેને સુમાર્ગે વાળવો એ પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે. પ્રારંભમાં ઉત્સાહ (શ્રદ્ધા) અને પછી શિથિલતા એ કાર્યસિદ્ધિની રીતિ નથી. એટલે જે શ્રદ્ધાથી વ્રતો ધારણ કર્યાં હોય તેનું યથાર્થ પાલન કરવું અને તેમાં ભૂલચૂકથી કોઈ દોષ લાગી જાય તો તેની નિંદા અને આલોચનાદ્વારા શુદ્ધિ કરવી એ સાચી સાધના છે.

આવો સાધક શ્રદ્ધાને કેળવી શકે છે, જ્ઞાનને મેળવી શકે છે, ચારિત્રનું યથાર્થ ઘડતર કરી શકે છે અને બાહ્ય તથા અભ્યંતર તપવડે પોતાના કર્મની નિર્જરા કરીને પરમપદને પામી શકે છે.

આવું શ્રમણપણું પાળનારો પોતાનો નાથ બની શકે છે અને બીજાનો નાથ પણ બની શકે છે. હે રાજન્! હવે હું મારો પોતાનો નાથ બની ચૂક્યો છું અને તારે મારા નાથ બનવાની જરૂર રહેતી નથી. આ છે મારું સંયમ ગ્રહણનું કારણ, આ છે મારું ત્યાગમાર્ગ પસંદ કરવાનું પ્રયોજન.

અનાથી મુનિનો આવો જવાબ સાંભળીને મગધપતિ શ્રેણિક ઘણો પ્રસન્ન થયો અને વંદન કરતો થકો બોલ્યો કે 'હે ભગવન્! આપે અનાથ અને સનાથનો મર્મ મને સુંદર રીતે સમજાવ્યો. હે મહર્ષિ! જિનેશ્વરોએ દર્શાવેલા સત્ય માર્ગમાં વ્યવસ્થિત થયેલા આપ જ ખરેખર સનાથ છો, અને આપ જ અનાથ જીવોના ખરા નાથ છો. હે યોગીશ્વર! મેં મારા મનનું

કુતુહલ શાંત કરવા માટે આપની નિર્વાણ–સાધનામાં ભંગ પાડ્યો છે, તે માટે ક્ષમા માગું છું.'

અનાથી મુનિએ કહ્યું: 'હે રાજન્! મુમુક્ષુઓને સત્ય વસ્તુની સમજ આપવી એ અમારી સાધનાનો જ એક ભાગ છે, તેથી મારી સાધનાનો ભંગ થયો નથી અને તારા જેવા તત્ત્વશોધક આ હકીકતમાંથી યોગ્ય માર્ગદર્શન ન મેળવે તે હું માનતો નથી, એટલે વ્યતીત કરેલા સમય માટે મને સંતોષ છે.'

તે જ વખતે મગધપતિએ કહ્યું: 'હે મહર્ષિ! આપની મધુર વાણીએ અને હૃદયની નિખાલસતાએ મારું મન પૂરેપૂરું જિતી લીધું છે. આપ જેવા ત્યાગી અને તપસ્વીની કોઇ પણ આજ્ઞા માથે ચડાવવાને હું તત્પર છું.'

અનાથી મુનિએ કહ્યું: 'રાજન્! જ્યાં સર્વ ઇચ્છાઓ, સર્વ આકાંક્ષાઓ અને સર્વ અભિલાષાઓનો ત્યાગ છે, ત્યાં આજ્ઞા કરવાની હોય શું? તેમ છતાં તારા પોતાના કલ્યાણને માટે સૂચવું છું કે–શ્રી જિનેશ્વરદેવનું શાસન જયવંતું છે, માટે તેના ઉપદેશમાં શ્રદ્ધા રાખ, તેમાં પ્રરૂપાયેલાં તત્ત્વનો બોધ કર અને તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર. એ જ કલ્યાણનો સાચો માર્ગ છે.'

અનાથી મુનિના આ શબ્દોએ મગધરાજના હૃદયનું ભારે પરિવર્તન કર્યું. તે મિથ્યાત્વી મટીને શ્રદ્ધાવંત બન્યો અને શ્રી જિનેશ્વરદેવના શાસન પર અપૂર્વ શ્રદ્ધા રાખવા લાગ્યો.

તેનું આખું કુટુંબ શ્રી વીતરાગ ધર્મનું અનુયાયી બન્યું. આગળ જતાં મગધરાજ શ્રેણિક પ્રભુ મહાવીરના પ્રત્યક્ષ સમાગમમાં આવ્યો, ત્યારે તેની આ શ્રદ્ધા અનેકગણી વધી ગઇ અને તે શ્રદ્ધાના જોરે જ તેણે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું જેથી આગામી ચોવીશીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે.

## ૧૭. વ્યાવહારિક સિદ્ધિઓ.

શ્રદ્ધાની શકિતનો પરિચય વ્યાવહારિક ક્ષેત્રમાં પણ ડગલે અને પગલે થાય છે. 'હું જરૂર ભણી શકીશ' એવી શ્રદ્ધાવાળો વિદ્યાવાન્ થાય છે. 'હું જરૂર ધન કમાઇ શકીશ' એવી શ્રદ્ધાવાળો ધનવાન્ થાય છે. 'આ કામ હું જરૂર પાર પાડી શકીશ' એવી શ્રદ્ધાવાળો તે કામ પાર પાડી શકે છે. અને 'મારો આ રોગ જરૂર મટી જશે' એવી શ્રદ્ધાવાળો રોગથી રહિત બનીને સુંદર આરોગ્યની પ્રાપ્તિ કરી શકે છે. એથી વિરુદ્ધ 'મારા નશીબમાં વિદ્યા નથી' એવું માનનારો વિદ્યાભ્યાસને અરધેથી છોડી દે છે અને યશ તથા લાભ બંનેથી વંચિત થાય છે. 'લાખ મળવાના નથી અને લખેસરી થવાના નથી' એવી માન્યતાવાળાનો પ્રયત્ન જ એવો લૂલો હોય છે કે તેને લાખ મળતા નથી અને લખેસરી થતો નથી. 'આ મારું કામ નહિ, એ મને નહિ આવડે, એ મારાથી કેમ થશે ?' એવા મુફલીસ વિચાર ધરાવનારાઓ કોઈ પણ મહત્ત્વનું કાર્ય હાથ ધરી શકતા નથી અને ધરે છે તો તેને પાર પાડી શકતા નથી. 'રોતો જાય તે મૂઆના સમાચાર લાવે' એ

કહેવતનું વાસ્તવિક રહસ્ય આ જ છે. 'આ વૈદ્યથી મારો રોગ નહિ મટે કે આ ઔષધથી મને સારું નહિ થાય' એવું દૃઢતાથી માનનારને તે વૈદ્ય કે તે ઔષધ કામ આપી શકતા નથી, ધૂળની ચપટીથી પણ સારું થાય છે અને લાખોની દવા પણ કામ આપતી નથી, એ ઘટનાની ભીતરમાં શ્રદ્ધાનો સિદ્ધાંત જ છુપાયેલો છે. 'હું સારો છું, મારો રોગ મટી રહ્યો છે, હું પ્રતિક્ષણે વધારે સારો થતો જાઉં છું' એવા સતત વિચારો કરવાથી અનેક માણસોએ આરોગ્યની પુનઃ પ્રાપ્તિ કરી છે. અથવા 'અમુક દેવ--દેવીની કૃપાથી મારો રોગ મટી જશે' એવું દૃઢતાથી માનનારના તે તે રોગો મટી ગયા છે. યંત્ર, મંત્ર અને માદલિયાના ચમત્કારમાં પણ ખરું કામ શ્રદ્ધા જ કરે છે.

અનંત અપાર ઉદધિને ઘૂઘવતો દેખીને બુદ્ધિ વિહ્વલ બની જાય છે. 'આવો વિશાળ સાગર કેમ પાર થઇ શકે ? એમાં અનેક પ્રકારના જોખમો સમાયેલાં છે, એમાં આ જોખમ છે, તે જોખમ છે, અહીં જોખમ છે, તહીં જોખમ છે, વગેરે.' પરંતુ શ્રદ્ધા તે સ્થળે પણ સ્થિર જ રહે છે. તે કહે છે કે 'મહાસાગર અપાર છે, તો મારું બળ પણ અપાર છે. હું આ ઘૂઘવતા મહાસાગરને જરૂર ઓળંગી જઇશ.' અને તે પ્રયત્નને પ્રેરણા કરે છે, જેના લીધે મછવાઓ તૈયાર થાય છે, હોડીઓ બનવા લાગે છે, નૌકાઓનું નિર્માણ થાય છે, મોટાં મોટાં વહાણો સફર કરવા લાગે છે અને છેવટે આગબોટો ઉત્પન્ન કરી મહાસાગર ઓળંગવામાં આવે છે.

અનેક અશક્ય જણાતી બાબતો શ્રદ્ધા અને તેમાંથી

ઉદ્ભવતા પ્રયત્નને પરિણામે સિદ્ધ થઈ છે. જ્યાં હાથી, ઘોડા, ઊંટ, ગાડાં અને સિગરામનો વ્યવહાર મુખ્ય હતો, ત્યાં વરાળ અને વીજળીથી ગાડીઓ ચાલવા લાગી છે તથા પેટ્રોલના જોરે મોટરો અને વિમાનો દોડતાં થયાં છે. પહેલાં જે સ્થળનું અંતર કાપવા માટે ત્રણ કે ચાર મહિના લાગતા હતા, ત્યાં આજે અમુક કલાકમાં જ પહોંચી શકાય છે. તે જ રીતે જ્યાં કોડિયાં, ફાનસ અને દીવીઓનો વ્યવહાર મુખ્ય હતો, ત્યાં વીજળીની રોશની પ્રકટ થઈ છે અને બટન દબાવતાં જ હજારો-લાખો દીવા એકસામટા પ્રકટી શકે છે. તે જ રીતે ખેપિયા, કાસદ અને દૂતોવડે સંદેશા પહોંચતા અને એક બીજાના વિચારો જાણવામાં આવતા, ત્યાં તાર, ટેલીફોન અને રેડિયો જેવાં સાધનો અસ્તિત્વમાં આવ્યા છે, જેના લીધે હજારો ગાઉ દૂરના સંદેશા ક્ષણ વારમાં મળી શકે છે અને વિચારોની આપલે થઇ શકે છે. આ રીતે બીજાં પણ અનેક યંત્રો શોધાયાં છે અને નવી નવી શોધખોળો થતી રહી છે કે જે સ્પષ્ટ રીતે શ્રદ્ધા અને પ્રયત્નનું જ પરિણામ છે.

શ્રી ઉમાસ્વાતિ મહારાજે પાંચસો પ્રકરણ ગ્રંથો બનાવ્યા, શ્રી હરિભદ્રસૂરિજીએ ચૌદસો ચુમાલીશ ગ્રંથોનું નિર્માણ કર્યું અને શ્રી હેમચંદ્રાચાર્યે સાડાત્રણ ક્રોડ શ્લોકોની રચના કરી તે શું બતાવે છે? શ્રી મલ્લવાદીએ છ મહિના સુધી વાદ કર્યો, શ્રી મુનિસુંદરસૂરિએ હજાર અવધાન કરી બતાવ્યાં અને શ્રી મહેન્દ્રસૂરિએ ખગોળના અઘરામાં અઘરા નકશાઓ તૈયાર કર્યાં, એ બધું શું પ્રચંડ શ્રદ્ધા વિના બન્યું હશે? એટલે શિક્ષણ, સાહિત્ય, શોધખોળ, વિજ્ઞાન, વૈદક, વ્યાપાર,

ઉદ્યોગ, રાજકારણ અને બીજા અનેક ક્ષેત્રોમાં અપૂર્વ જણાતી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે શ્રદ્ધા અને તેમાંથી ઉદ્ભવતા પ્રયત્નને પરિણામે જ થાય છે. આ શ્રદ્ધા જો અવળી તેમજ સાંસારિક હેતુઓ પરત્વે હોય તો તેથી સંસારની વૃદ્ધિ થાય છે અને સાચી તથા આધ્યાત્મિક હેતુથી પ્રવર્ત્તે તો તેથી આત્માનું પરમ હિત થાય છે, તેથી એમ કહેવું સર્વથા સમુચિત છે કે—

**શ્રદ્ધા સુરતરુથી ભલી, અનુપમ ગુણ આધાર;**
**શ્રદ્ધા જનની શક્તિની, કરતી જય જયકાર.**

: ૩ :

# શ્રદ્ધાનો વિકાસ.

## ૧૮. સડસઠ બોલ.

'શ્રદ્ધા કોને કહેવાય અને તેની શું શક્તિ છે?' તે આપણે જોઇ ગયા. હવે તેનો વિકાસ કેમ થાય તે જોઇએ, જેથી આપણું પોતાનું જીવન શ્રદ્ધામય બને અને તેની અપૂર્વ શક્તિનો લાભ માણી શકાય.

આ વિષયમાં શાસ્ત્રકારોએ ઘણું ઘણું મંથન કર્યું છે અને તેના વિષે જે કંઈ જાણવા જેવું છે, તે બધાનો સમાવેશ સડસઠ બોલમાં કરેલો છે. તે આ રીતે,

"चउसद्दहण–तिलिंगं, दसविणय–तिसुद्धि–पंचगयदोसं ।
अट्ठपभावण–भूसण–लक्खण–पंचविहसंजुत्तं ॥
छव्विहजयणागारं, छ भावणा भावियं च छट्ठाणं ।
इह सत्तसट्ठिलक्खण–भेयविसुद्धं च सम्मत्तं ॥"

"૪ શ્રદ્ધા, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધિ, ૫ દૂષણ, ૮ પ્રભાવના, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ યતના, ૬ આગાર, ૬ ભાવના, અને ૬ સ્થાન એ શુદ્ધ સમ્યક્ત્વના ૬૭ ભેદો છે."

'બોલ,' 'ભેદ' અને 'અંગ' એક જ વસ્તુ છે. તેનો વિચાર અહીં અનુક્રમે કરીશું.

## ૧૯. શ્રદ્ધાનાં ચાર અંગો.

શુદ્ધ સમ્યક્ત્વ શ્રદ્ધારૂપ છે એટલે પહેલો વિચાર શ્રદ્ધાનો કરવામાં આવ્યો છે. તેના બોલો ચાર છે. તે આ રીતે:

**"परमत्थसंथवो खलु, सुमुणियपरमत्थजइजणनिसेवा।
वावन्नकुदिट्ठीण य, वज्जणमिह चउह सद्दहणं ॥"**

"પરમાર્થસંસ્તવ, પરમાર્થને જાણનાર મુનિઓની સેવા, વ્યાપન્નદર્શની અને કુદૃષ્ટિનો ત્યાગ એ ચાર શ્રદ્ધાનાં અંગો છે."

પરમાર્થસંસ્તવ એટલે પરમરહસ્યનો પરિચય-તત્ત્વની વિચારણા. તત્ત્વ શબ્દથી અહીં (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) બંધ (૮) નિર્જરા અને (૯) મોક્ષ એ નવ તત્ત્વો સમજવાનાં છે તે સંબંધી શ્રદ્ધાવંત આત્મા આ રીતે વિચારણા કરે. જે ચેતન-વાળો છે, તે જીવ છે અને અચેતન છે તે અજીવ અથવા જે ઉપયોગવંત છે તે જીવ છે અને ઉપયોગથી રહિત તે અજીવ છે. જીવ અને અજીવ એ સ્પષ્ટ રીતે જુદા છે પણ એક નથી. કેટલાક કહે છે તેમ આ વિશ્વ માત્ર એક જ ચૈતન્ય સત્તારૂપ છે તેમ નથી, પણ તેમાં ચેતન અને જડ એવા બે

સ્પષ્ટ વિભાગો ન હોય તો ચેતનમય આત્મા અને જડરૂપ કર્મ એમ બે ભિન્ન વસ્તુઓ સંભવી શકે નહિ. અને જો ચેતનમય આત્મા અને જડરૂપ કર્મ એમ બે ભિન્ન વસ્તુઓ સંભવી શકે નહિ તો પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ પણ કેવી રીતે સંભવી શકે? કારણ કે **પુણ્ય** એ શુભ કર્મ છે અને **પાપ** એ અશુભ કર્મ છે; **આશ્રવ** એ કર્મનું આવવાપણું છે અને **સંવર** એ કર્મનું અટકવાપણું છે; **બંધ** કર્મનું આત્મા સાથે જોડાવાપણું છે અને **નિર્જરા** એ કર્મનું આત્મામાંથી ખરવાપણું છે. તે જ રીતે **મોક્ષ** એ આત્માનો કર્મના બંધનમાંથી સંપૂર્ણ છૂટકારો છે. એટલે આત્મા અને કર્મને સ્પષ્ટ રીતે ભિન્ન માન્યા સિવાય આમાંની કોઇ વાત સંભવતી નથી અને તે બધી વસ્તુઓ પ્રત્યક્ષ રીતે અનુભવી શકાય છે એટલે આત્મા અને કર્મ એ બે ભિન્ન વસ્તુઓ છે, જીવ અને અજીવ એ જુદાં જુદાં તત્ત્વો છે.

આ વિશ્વમાં કેટલાક સાધનસંપન્ન અને સુખી દેખાય છે તથા કેટલાક સાધનહીન અને દુઃખી દેખાય છે. આ ભેદ કર્મના શુભાશુભપણાને લઇને થાય છે એટલે **પુણ્ય** પણ છે, **પુણ્યફલ** પણ છે તથા **પાપ** પણ છે અને **પાપફલ** પણ છે. 'બૂરાનો અંજામ બૂરો' અને 'સારાનું પરિણામ સારું' એ નિત્ય અનુભવની વાત છે, એટલે પુણ્યમાં પ્રવૃત્ત થવું અને પાપનો પરિહાર કરવો એ જ મારા માટે ઈષ્ટ છે. હવેથી હું બને તેટલાં પુણ્યનાં કામો કરીશ, પુણ્યની અનુમોદના કરીશ; પણ પાપનાં કામો નહિ કરું તેમજ પાપી કામોને ઉત્તેજન પણ નહિ આપું.

હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ બાબતોથી કર્મનો **આસ્રવ** થાય છે અને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ તથા યોગવડે તેનો આત્મા સાથે **બંધ** પડે છે, તેથી આશ્રવ અને બંધ સર્વથા હેય છે.

સમ્યક્‌પ્રવૃત્તિ [ સમિતિ ], નિગ્રહ [ ગુપ્તિ ], તિતિક્ષા [ પરિષહોને સહન કરવાની શકિત ], ક્ષમા વગેરે દશ પ્રકારના ગુણો, શુભ ભાવના અને ઉત્તમ ચારિત્રવડે કર્મોનો સંવર થાય છે તથા છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપવડે કર્મની નિર્જરા થાય છે, તેથી સંવર અને નિર્જરા સર્વથા ઉપાદેય છે.

જો આશ્રવ અને બંધનો હું ત્યાગ કરીશ તથા સંવર અને નિર્જરામાં પુરુષાર્થ કરીશ તો મને અનંત-અનંત સુખનું નિધાન એવું મોક્ષ જરૂર મળશે. એ જ મારું અંતિમ ધ્યેય છે અને તેમાં જ હું અવિચલ રહીશ.

પરમાર્થસંસ્તવ અથવા તત્ત્વવિચારણાનો પુનઃ પુનઃ આશ્રય લીધા વિના જીવ અને જડની જુદાઈ યથાર્થપણે અંતરમાં ઉતરતી નથી, એટલે જડ એવાં દેહ, ઇંદ્રિયો અને મનને 'હું' માની લેવાની ભ્રાંતિ થાય છે અને જે ખરેખરો 'હું' છે તેમાં હુંપણાની બુદ્ધિ થતી નથી. તાત્પર્ય કે-તત્ત્વવિચારણા બહિર્મુખતામાંથી અંતર્મુખતા તરફ લઈ જાય છે અને તે જ એનું ખરેખરું મહત્ત્વ છે. આ કારણે પરમાર્થસંસ્તવ કે તત્ત્વવિચારણાને શ્રદ્ધાનું પ્રથમ અંગ માનવામાં આવ્યું છે.

પરમાર્થસંસ્તવને પુષ્ટ કરવા માટે, તત્ત્વવિચારણાને વધારે તલસ્પર્શી બનાવવા માટે, જગત્ અને જીવનનું રહસ્ય વધારે ઊંડાણથી જાણવા માટે ગીતાર્થ ગુરુઓનો વિનય અને બહુ-માનપૂર્વક ભક્તિ કરવી જોઈએ. કહ્યું છે કે—

**" गीयत्थचरित्तीण य, सेवाबहुमाणविणयपरिसुद्धा ।**
**तत्तावबोहजोगा, सम्मत्तं निम्मलं कुणइ ॥"**

'બહુમાન અને વિનયથી અતિશુદ્ધ એવી તત્ત્વબોધને યોગ્ય ગીતાર્થ-ચારિત્રધારીઓની સેવા સમ્યક્ત્વને નિર્મલ કરે છે.'

અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે-'ગીતાર્થ કોને કહેવો?' તેનો ઉત્તર એ છે કે—

**' गीयं भन्नइ सुत्तं, अत्थो तस्सेव होइ वक्खाणं ।**
**उभएण य जुत्तो, सो गीयत्थो मुणेयव्वो ॥'**

'સૂત્રને **ગીત** કહેવાય છે અને તેના વ્યાખ્યાનને **અર્થ** કહેવાય છે. આ બંનેથી જે યુક્ત હોય તેને **ગીતાર્થ** જાણવો.' તાત્પર્ય કે-સર્વજ્ઞોએ પ્રરૂપેલાં સિદ્ધાંતોને તથા તેના રહસ્યને જે સારી રીતે જાણતા હોય તે ગીતાર્થ કહેવાય.

અહીં બીજો પ્રશ્ન એ પણ પૂછાવાનો સંભવ છે કે 'ગુરુ કોને કહેવાય? ગુરુની યોગ્યતા શું?' તેનો ઉત્તર નિર્ગ્રંથ-મહર્ષિઓએ નીચે મુજબ આપ્યો છે.

**" पंचिंदियसंवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।**
**चउविहकसायमुक्को, इअ अट्ठारसगुणेहिं संजुत्तो ॥**

**पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।**
**पंचसमिओ ति गुत्तो, छत्तीसगुणो गुरु मज्झ ॥ "**

"ગુરુ છત્રીશ ગુણવાળા હોય છે. તે આ રીતે-પાંચ ઇંદ્રિયોને કાબૂમાં રાખે, બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરે, ચાર કષાયોને જિતે, પંચ મહાવ્રતને ધારણ કરે, પંચવિધ આચારનું પાલન કરે, તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત હોય."

ગીતાર્થ ગુરુઓની સેવાને 'મુનિપર્યુપાસ્તિ' કહેવામાં આવે છે, તેનો સ્પષ્ટ અર્થ એ છે કે-જે સાધુપુરુષ જિતેન્દ્રિય, બ્રહ્મચારી, જ્ઞાની, ધ્યાની અને સૂત્ર સિદ્ધાંતનો જાણકાર હોય તેની નિરંતર સેવા કરવાથી જીવ અને જડની જુદાઈ વધારે સ્પષ્ટ રીતે સમજાય છે, પુણ્ય અને પાપનો ભેદ વધારે સ્પષ્ટ રીતે મન પર અંકિત થાય છે, આશ્રવ અને બંધની હેયતા વધારે પ્રમાણમાં નજર આગળ તરે છે અને સંવર તથા નિર્જરાની ઉપાદેયતા હૃદયની આરપાર નીકળી જાય છે. અને એ રીતે મોક્ષની તાલાવેલી વધારે તીવ્ર બને છે.

આ વિષયમાં સંતકવિ તુલસીદાસજીએ ઠીક જ કહ્યું છે કે-

**એક ઘડી આધી ઘડી, આધીમેં પુનિ આધ;**
**તુલસી સંગત સાધુકી, હરે કોટિ અપરાધ.**

'એક ઘડી, અરે અર્ધી ઘડી, અરે અર્ધી ઘડીની પણ અર્ધી ઘડી જો સાધુની સંગતિ થાય છે, તો પ્રાણીના ક્રોડો અપરાધ (પાપ) ટળી જાય છે.'

એક અન્ય કવિએ કહ્યું છે કે-

"चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।
चन्द्रचन्दनयोर्मध्ये, शीतलः साधुसंगमः ॥ "

"આ લોકમાં ચંદન શીતલ ગણાય છે, પણ ચન્દ્રમા તેથી ઘણો વધારે શીતલ છે. અને ચન્દ્ર તથા ચન્દનની શીતલતાની તુલના કરીએ તો સાધુનો સમાગમ તેનાથી અનેકગણો વધારે શીતલ છે. અર્થાત્ ચંદન અને ચંદ્ર બાહ્ય શાંતિ ઉપજાવે છે, પણ સાધુનો સમાગમ આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે તાપનો નાશ કરીને આંતરિક શાંતિ ઉપજાવે છે."

સાધુસંગતિનો આવો અદ્ભુત પ્રભાવ હોવાથી, મુનિપર્યુપાસ્તિનું આવું અપૂર્વ માહાત્મ્ય હોવાથી જ તેને શ્રદ્ધાનું બીજું અંગ ગણવામાં આવ્યું છે.

પરમાર્થસંસ્તવ કે તત્ત્વવિચારણા તરફનું આંતરિક વલણ એક સરખું જાળવી રાખવા માટે વ્યાપન્નદર્શનીઓના પરિચયને છોડવાની જરૂર છે.

'વ્યાપન્નદર્શની કોને કહેવાય ?' તેનો ખુલાસો એ છે કે-જેનું દર્શન-સમ્યક્ત્વ વ્યાપન્ન-નષ્ટ થયું છે તે વ્યાપન્નદર્શની કહેવાય. એટલે એક વાર જેને જીવ-અજીવ વગેરે તત્ત્વો અને તેને લગતી સૂક્ષ્મ વિચારણાઓ પર યથાર્થ શ્રદ્ધા હતી પણ પછીથી કદાગ્રહ, મિથ્યાગ્રહ કે મિથ્યાત્વનો ઉદય થવાને લીધે તે શ્રદ્ધા રહેલી નથી, તેમાં ભંગ પડેલો છે, તે વ્યાપન્નદર્શની કહેવાય.

'વટલેલી બ્રાહ્મણી તરકડીથી પણ ભૂંડી' એ વાત ભૂલવા જેવી નથી. અથવા નકટાઓ હમેશાં બીજાઓને પણ નકટા બનાવવાની કોશીષમાં હોય છે, તેથી જ તેમનો સંગ ભયંકર મનાયેલો છે. એ વાત સર્વ કાળના સર્વ મહાપુરુષોએ બરાબર અનુભવી છે કે–

"कुसंगतेः कुबुद्धिः स्यात्, कुबुद्धेः कुप्रवर्त्तनम् ।
कुप्रवृत्तेर्भवेज्जन्तु–र्भाजनं दुःखसंततेः ॥ "

'કુસંગતિથી–કુસંગથી કુબુદ્ધિથી થાય છે, કુબુદ્ધિથી કુપ્રવર્ત્તન થાય છે અને કુપ્રવર્ત્તનથી પ્રાણી દુઃખપરંપરાનું ભાજન બને છે.'

તેથી શ્રદ્ધાનું સંરક્ષણ કરવા માટે વ્યાપન્નદર્શનીનો પરિચય ન રાખવો એ સર્વથા ઇષ્ટ છે. શાસ્ત્રકારો કહે છે કે–

"व्यापन्नं दर्शनं येषां, निह्नवानामसद्ग्रहैः ।
तेषां संगो न कर्तव्यस्तच्छ्रद्धानं तृतीयकम् ॥ "

"કદાગ્રહ વડે જેના સમ્યક્ત્વનો નાશ થયેલો છે તેવા નિહ્નવોનો સંગ ન કરવો એ ત્રીજું શ્રદ્ધાન (શ્રદ્ધાનું ત્રીજું અંગ) છે."

અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે 'જે ઘણીખરી વાતોનો સ્વીકાર કરે છે અને તેમાંની થોડી જ વાતોને–માત્ર થોડી વાતોને માનતો નથી તેને વ્યાપન્નદર્શની–શ્રદ્ધાભ્રષ્ટ કે નિહ્નવ કેમ કહેવાય?' એનો ઉત્તર નિર્ગ્રંથ મહર્ષિઓએ આ રીતે આપ્યો છે–

" पयमक्खरं पि इक्कं, जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।
सेसं रोयंतो वि हु, मिच्छादिट्ठी मुणेयव्वा ॥"

'સૂત્રમાં નિર્દિષ્ટ કરેલા એવા એક પણ પદને કે એક પણ અક્ષરને જે માનતો નથી તે બાકીનું બધું માનવા છતાં મિથ્યાદૃષ્ટિ સમજવો.'

વાત સાચી છે કે-અગ્નિનો એક જ તણખો ઘાસની આખી ગંજીને સળગાવી મૂકે છે એટલે જેને એક પણ પદ કે એક પણ અક્ષર પર અશ્રદ્ધા થઈ તે ક્રમે ક્રમે બધામાં અશ્રદ્ધાવાળો થાય છે અને તેથી તેની દૃષ્ટિનો વિપર્યાસ થયા વિના રહેતો નથી, એટલે જેની શ્રદ્ધાનું પતન શરૂ થઇ ચૂક્યું છે, તેને મિથ્યાદૃષ્ટિ જ સમજવો.

નિહ્નવો કેવું તોફાન મચાવી શકે છે, તેની નોંધ જૈન શાસ્ત્રકારોએ બરાબર રાખી છે, તેમની એ નોંધ અનુસાર મોટા નિહ્નવો સાત થયા છે.

'बहुरय-पएस-अव्वत्त-समुच्छ-दुग-तिग-अबद्धिआणं च ।'

'બહુરત, પ્રદેશ, અવ્યક્ત, સામુચ્છેદિક, દ્વિક્રિય, ત્રિરાશિક અને અબદ્ધિક.'

**જમાલિ** નામના પ્રથમ નિહ્નવ જે શ્રી મહાવીરપ્રભુના જમાઈ થતા હતા તેમણે બહુ લાંબે કાળે વસ્તુ ઉત્પન્ન થાય છે, એવો **બહુરતવાદ** સ્થાપ્યો હતો. તેમનો આ વાદ ખોટો છે, તેવું સમજાવવાના ઘણા પ્રયત્નો થયા, પણ તેઓ છેવટ સુધી સમજ્યા નહિ.

**તિષ્યગુપ્તાચાર્ય** નામના બીજા નિહ્નવ શ્રી મહાવીરપ્રભુના કેવળજ્ઞાન પછી સોળ વર્ષે ઋષભપુરનગરમાં થયા. તેમણે આત્માના સર્વ પ્રદેશોમાં જીવત્વ નહિ માનતાં છેલ્લા પ્રદેશમાં જ જીવત્વ માન્યું એટલે **પ્રદેશવાદી** ગણાયા, પરંતુ પાછળથી આમલકલ્પા નગરીમાં મિત્રશ્રી નામના શ્રાવકથી સમજી ગયા.

**આષાઢાચાર્યના શિષ્યો** નામે ત્રીજા નિહ્નવ શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે શ્વેતિકા નગરીમાં થયા. તેમણે 'આ દેવ હશે કે મુનિ ?' એવી શંકાથી મુનિઓને વંદન કરવાનું છોડી દઈ અવ્યક્તવાદ ગ્રહણ કર્યો હતો, પણ પાછળથી રાજગૃહમાં બલભદ્ર રાજાથી બોધ પામ્યા હતા.

**અશ્વમિત્રાચાર્ય** નામે ચોથા નિહ્નવ શ્રી વીર નિર્વાણ પછી ૨૨૦ વર્ષે મિથિલા નગરીમાં થયા. તેમણે દરેક વસ્તુ ક્ષણે ક્ષણે નાશ પામે છે એવો સામુચ્છેદિકવાદ સ્થાપ્યો હતો પણ પાછળથી રાજગૃહના ખંડરથિક શ્રાવકથી સાચી સમજણ પામ્યા હતા.

**ગંગાચાર્ય** નામે પાંચમા નિહ્નવ શ્રી વીર નિર્વાણ પછી ૨૨૮ વર્ષે ઉલ્લુકાતીર નગરમાં થયા. તેમણે એક જ સમયે એક આત્મા ઉપયોગવાળી બે ક્રિયા કરી શકે છે એવો દ્વિ-ક્રિય-વાદ સ્થાપ્યો હતો, પણ પાછળથી રાજગૃહમાં મણિનાગ નામના યક્ષથી મૂળ માર્ગે આવ્યા.

**રોહગુપ્ત** નામે છઠ્ઠા નિહ્નવ શ્રી વીર નિર્વાણ પછી ૫૪૪ વર્ષે અંતરંજિકા નામે નગરીમાં થયા. તેમણે જીવ, અજીવ અને નોજીવ એમ સર્વ વસ્તુમાં ત્રણ ત્રણ રાશિ છે,

એવા વાદનું સ્થાપન કર્યું હતું. તેમને સમજાવવા માટે ગુરુએ રાજસભા સમક્ષ તેમની સાથે છ માસ સુધી વાદ કર્યો પણ તે સમજ્યા નહિ. છેવટે ષડ્લુક–નૈયાયિક–મતના સ્થાપક થયા.

**ગોષ્ઠામાહિલ** નામે સાતમા નિહ્નવ શ્રી વીર નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુરનગરમાં થયા. તેમણે સર્પ અને કાંચળીની જેમ જીવ અને કર્મનો સંબંધ છે એવો અબદ્ધિક વાદ સ્થાપ્યો. તેમને સમજાવવા ઘણા પ્રયત્નો થયા પણ છેવટ સુધી તે સમજ્યા નહિ.

આ અનુભવથી એ વાત સિદ્ધ થાય છે કે–વ્યાપન્નદર્શનીના પરિચયનો ત્યાગ કરવો એ શ્રદ્ધાળુ માટે સર્વથા ઇષ્ટ છે અને તેથી જ તેને શ્રદ્ધાનું ત્રીજું અંગ માનવામાં આવ્યું છે.

જેમને પોતાનું શ્રદ્ધામય આંતરિક વલણ બરાબર ટકાવી રાખવું છે, તેમણે કુદૃષ્ટિઓનો સંગ પણ છોડવો જ ઘટે છે. કુદૃષ્ટિ એટલે કુત્સિત દૃષ્ટિવાળા, મિથ્યાદર્શનને માનનારા. તેમના વિચારો અને વર્તન દૂષિત હોવાથી તેની બૂરી અસરમાંથી બચવા માટે આવો નિર્ણય કરવાની જરૂર છે.

તેઓ કેવી જાતના સિદ્ધાંતો પ્રતિપાદિત કરે છે, તેના નાદર નમૂના આ રહ્યા:

"न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ॥"

"માંસનું ભક્ષણ કરવામાં, મદ્ય પીવામાં કે મૈથુન

સેવવામાં કોઈ જાતનો દોષ નથી, કારણ કે પ્રાણીઓની એ સ્વાભાવિક પ્રવૃત્તિ છે. બાકી એ વાત સાચી કે તેમાંથી નિવૃત્ત થવાય તો મહાફલ મળે છે.”

“पिब खाद चारुलोचने ! यदतीतं वरगात्रि ! तन्न ते ।
न हि भीरु ! गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥”

“હે સુંદર નેત્રોવાળી સ્ત્રી ! તું યથેષ્ટ ખા અને યથેષ્ટ પી ! હે મનોહર અંગવાળી માનિનિ ! જો યૌવન ચાલ્યું ગયું તો પછી એ તારું થવાનું નથી. ખરી હકીકત એ છે કે–આ શરીર એ માત્ર પૌદ્ગલિક તત્ત્વોનો સમૂહ છે એટલે છૂટો પડી જતાં ફરીને પ્રાપ્ત થઇ શકતો નથી. (માટે તેનાથી થાય તેટલાં અમનચમન કરી લે !)

આવાં આવાં અનેક દુષ્ટ વિધાનો તેમના તરફથી થયેલાં છે, અને તેમનું વર્તન પણ તે જ પ્રકારનું છે. આ સંયોગોમાં આત્મા અને અનાત્માને જુદા માનનાર, પુણ્ય–પાપનો વિવેક કરનાર, આશ્રવ તથા બંધને હેય માની તેનું પ્રત્યાખ્યાન કરનાર તેમજ સંવર તથા નિર્જરાને ઉપાદેય માની તેનું આરાધન કરનાર શ્રદ્ધાળુ આત્મા તેમનો ભંગ કરે તે કઇ રીતે ઈષ્ટ ગણાય ? એનું પરિણામ તો એક જ આવે કે–શ્રદ્ધાળુ આત્માના અધ્યવસાયો પુનઃ મલિન થાય અને શ્રદ્ધાથી વ્યવસ્થિત થયેલું અંતર અનેકવિધ શંકાઓથી વ્યસ્ત બનીને આખરે શ્રદ્ધાથી ભ્રષ્ટ થાય તેથી જ કુદૃષ્ટિવર્જનને શ્રદ્ધાનું ચોથું અંગ માનવામાં આવ્યું છે.

આ રીતે શ્રદ્ધાના વિકાસ અને સંરક્ષણ માટે જે ચાર

બોલોની પ્રરૂપણા કરવામાં આવી છે તે શાસ્ત્રથી પ્રમાણિત છે, અનુભવથી સિદ્ધ છે અને યુક્તિથી યુકત છે, તેથી પ્રત્યેક સુજ્ઞજને તેનો પોતાના જીવનમાં અમલ કરવો ઘટે છે.

## ૨૦. શ્રદ્ધાનાં ત્રણ લિંગો.

'એક આત્મામાં સાચી શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે, તે જાણવાનું બાહ્ય સાધન શું ?' એના ઉત્તરમાં નિર્ગ્રંથ મહાત્માઓએ જણાવ્યું છે કે–

"परमागमसुस्सूसा, अणुराओ धम्मसाहणे परमो ।
जिणगुरुवेयावच्चे, नियमो सम्मत्तलिंगाइं ॥"

'પરમાગમની શુશ્રૂષા, ધર્મસાધનમાં પરમ અનુરાગ અને જિન તથા ગુરુનું નિયમપૂર્વક વૈયાવૃત્ય એ સમ્યક્ત્વને ઓળખવાનાં ચિહ્નો છે."

આપ્તપુરુષોએ પ્રણીત કરેલાં શાસ્ત્રો આગમ કહેવાય છે. તેમાં જે આગમો સકલ પદાર્થના વ્યવસ્થિત નિરૂપણવાળા છે, તે પરમાગમ કહેવાય છે. તેને સાંભળવાની ઈચ્છા તે પરમાગમ શુશ્રૂષા. એટલે જે આત્માને શ્રી જિનેશ્વર ભગવાને અર્થથી પ્રરૂપેલી અને ગણધર ભગવંતોએ સૂત્રથી ગુંથેલી એવી દ્વાદશાંગી (અને તેને લગતાં અન્ય શાસ્ત્રો) સાંભળવાની તીવ્ર ઈચ્છા જાગતી હોય તેને શ્રદ્ધાળુ સમજવો.

જેનાવડે ધર્મની સાધના કરી શકાય તે ધર્મસાધન કહેવાય. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આવાં સાધનો છે. તે માટે નિર્ગ્રંથ-પ્રવચનમાં કહ્યું છે કે—

'नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एस मग्गुत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहिं ॥'

"જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર પ્રકારથી યુક્ત મોક્ષનો માર્ગ કેવળજ્ઞાની જિનેશ્વરોએ ફરમાવ્યો છે."

એટલે જે આત્માને જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે પ્રેમ થાય, દર્શન અને દર્શની પ્રત્યે પ્રેમ થાય, ચારિત્ર અને ચારિત્રી પ્રત્યે પ્રેમ થાય તથા તપ અને તપસ્વી પ્રત્યે પ્રેમ થાય, તેને શ્રદ્ધાળુ સમજવો.

જિનેશ્વર દેવ અને તેમના માર્ગે ચાલનારા ગુરુની પરમ-ભક્તિ એ જિન-ગુરુ-વૈયાવૃત્ય કહેવાય. જે આવું વૈયાવૃત્ય નિયમપૂર્વક કરતો હોય અથવા દૃઢતાથી કરતો હોય તેને શ્રદ્ધાળુ સમજવો. તાત્પર્ય કે-જેને દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે પરમ અનુરાગ હોય તેને સાચો શ્રદ્ધાળુ સમજવો. શાસ્ત્રકારોએ ઘણીવાર સમ્યક્ત્વનો પરિચય આ ત્રણ લિંગોવડે જ આપેલો છે. જેમ કે—

"धम्मस्स होइ मूलं, सम्मत्तं सव्वदोसपरिमुक्कं ।
तं पुण विसुद्धदेवाइ-सव्वसद्दहणपरिणामो ॥"

સર્વ દોષોથી વિમુક્ત એવું સમ્યક્ત્વ ધર્મનું મૂળ છે અને તે વિશુદ્ધ દેવ, વિશુદ્ધ ગુરુ અને વિશુદ્ધ તત્ત્વોની પરમ શ્રદ્ધારૂપ છે."

## ૨૧. દશ પ્રકારનો વિનય

શ્રદ્ધાની શુદ્ધિ માટે, શ્રદ્ધાનાં સંરક્ષણ માટે દશ પ્રકારનો વિનય જરૂરી છે. તે આ રીતે—

(૧) **અરિહંતનો વિનય**-સાંપ્રત કાલે વિહરી રહેલા શ્રી સીમંધર સ્વામી વગેરે તીર્થંકરોનો વિનય.

(૨) **સિદ્ધનો વિનય**-સર્વ કર્મો ખપાવીને શિવસુખને પામેલા મુક્ત આત્માઓનો વિનય.

(૩) **ચૈત્યનો વિનય**-શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓ પ્રત્યેનો વિનય.

(૪) **શ્રુતનો વિનય**-સામાયિકથી માંડીને લોકબિંદુસાર પર્યંતના જિનાગમોનો વિનય.

(૫) **ધર્મનો વિનય**-દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રનો વિનય.

(૬) **સાધુનો વિનય**-સર્વવિરતિને ધારણ કરનાર સત્તાવીશ ગુણોએ કરીને સહિત મુમુક્ષુ આત્માઓનો વિનય.

(૭) **આચાર્યનો વિનય**-આચાર પાળનાર અને પળાવનાર વિશિષ્ટપદથી વિભૂષિત ધર્માચાર્યનો વિનય.

(૮) **ઉપાધ્યાયનો વિનય**-સાધુવર્ગને શ્રુતનું અધ્યયન કરાવનાર વિશિષ્ટપદથી વિભૂષિત ઉપાધ્યાયનો વિનય.

(૯) **પ્રવચનનો વિનય**-ચતુર્વિધ શ્રમણસંઘનો વિનય.

(૧૦) **દર્શનનો વિનય**-ક્ષાયિક, ક્ષાયોપમશિક અને ઔપશમિક એવા ત્રણ પ્રકારના સમ્યક્ત્વનો વિનય.

વિનય શબ્દથી અહીં શિષ્ટાચાર, બહુમાન, ગુણગાન,

અવર્ણવાદનો ત્યાગ અને આશાતનાનો પરિહાર સમજવાનો છે. એટલે અરિહંત, સિદ્ધ, ચૈત્ય, શ્રુત, ધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, ચતુર્વિધ સંઘ અને સમ્યક્ત્વ અંગે જે શિષ્ટાચારનું પાલન કરવું જરૂરી હોય તે શિષ્ટાચાર રાખવો, તેમના પ્રત્યે આંતરિક ભક્તિ રાખવી–આંતરિક ઉલ્લાસ રાખવો, તેમનાં સ્તુતિ-સ્તવન અને ગુણગાન કરવાં, તેમનું ખરાબ દેખાય તેવો એક પણ અક્ષર મુખમાંથી ઉચ્ચારવો નહિ અને તેમની આશાતના થાય તેવું કોઇ પણ પ્રકારનું વર્તન કરવું નહિ.

આ દશ પ્રકારના વિનયથી શ્રદ્ધાળુ આત્માની શ્રદ્ધારૂપ પરિણતિ ક્ષણે ક્ષણે વધારે નિર્મળ થતી જાય છે અને કોઇક વાર એ નિર્મળતા એટલી ઉત્કૃષ્ટ હદે પહોંચે છે કે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, જેનું અનંતર ફલ મુક્તિ છે. તેથી શ્રદ્ધાની શુદ્ધિ માટે દશ પ્રકારનો વિનય આવશ્યક મનાયો છે.

જૈન ધર્મ વિનય મૂલ છે, તેનું રહસ્ય પણ આ જ છે.

## ૨૨. ત્રણ પ્રકારની શુદ્ધિ

શ્રદ્ધાની શુદ્ધિની શુદ્ધિ માટે દશ પ્રકારના વિનય ઉપરાંત ત્રણ પ્રકારની શુદ્ધિ પણ આવશ્યક છે. તે માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

" मनोवाक्कायसंशुद्धिः, सम्यक्त्वशोधिनी भवेत् ।
तत्रादौ मनसः शुद्धिः, सत्यं जिनमतं मुणेत् ॥ "

" મન, વચન અને કાયાની શુદ્ધિ સમ્યક્ત્વનું શોધન કરે

છે. તેમાં પ્રથમ મનઃશુદ્ધિ કરવી તે એ રીતે કે-જિનમતને સત્ય માનવો."

"जीवाजीवादितत्त्वानां, प्ररूपकं सदागमम्।
तद्विपरीतं वदेन्नाथ, सा शुद्धिर्मध्यगा भवेत्॥"

"જીવ, અજીવ આદિ તત્ત્વોની પ્રરૂપણા કરનારા આગમમાં તે તત્ત્વોનું સ્વરૂપ જે રીતે દર્શાવ્યું છે, તેથી વિપરીત બોલવું નહિ તે વચનશુદ્ધિ છે."

"खड्गादिभिर्विद्यमानः, पीड्यमानोऽपि बन्धनैः।
जिनं विनान्यदेवेभ्यो, न नमेत्तस्य सा भवेत्॥"

"ખડ્ગાદિકથી છેદાવા છતાં, અને બંધનથી પીડાવા છતાં શ્રી જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઈને નમસ્કાર કરે નહિ, તેની કાયશુદ્ધિ થાય છે."

મલિનતાનો નાશ કરવા માટે શુદ્ધિકરણ કે શોધનની ક્રિયા કરવી પડે છે. આ ક્રિયા જુદી જુદી વસ્તુઓ પરત્વે જુદા જુદા પ્રકારની હોય છે. જેમકે પારાનું શોધન કરવું હોય તો પ્રથમ સ્વેદન ક્રિયા કરવી પડે છે, પછી મર્દન ક્રિયા કરવી પડે છે, પછી મૂર્ચ્છન ક્રિયા કરવી પડે છે, પછી ઉત્થાપન ક્રિયા કરવી પડે છે, પછી પાતન ક્રિયા કરવી પડે છે, પછી બોધન ક્રિયા કરવી પડે છે, પછી નિયમન ક્રિયા કરવી પડે છે અને છેવટે સંદીપન ક્રિયા કરવી પડે છે. અથવા સોનાને શુદ્ધ કરવું હોય તો પ્રથમ તેનાં પતરાંને અગ્નિમાં તપાવવાં પડે છે. અને ત્યાર પછી તલનું તેલ, છાશ, કાંજી, ગૌમુત્ર, કળથીનો કાઢો

અને ત્રિફળાનો કાઢો એ પ્રત્યેકમાં ત્રણ ત્રણ વાર બોળવું પડે છે. અથવા ગંદા પાણીને શુદ્ધ કરવું હોય તો તેમાં ફટકડી કે નિર્મલીનું ચૂર્ણ નાંખવું પડે છે. તે જ રીતે મનની, વચનની તથા કાયાની શુદ્ધિ કરવી હોય તો તે માટેની ખાસ ક્રિયાઓ કરવી પડે છે. અહીં શાસ્ત્રકાર મહર્ષિઓએ તે ક્રિયાઓનો ટૂંકમાં જ નિર્દેશ કર્યો છે. તેઓ જણાવે છે કે–જિન મતને સત્ય માનવાથી મનની શુદ્ધિ થાય છે, જિનાગમથી વિરુદ્ધ નહિ બોલવાથી વચનની શુદ્ધિ થાય છે અને જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઈ દેવ આગળ માથું નહિ નમાવવાથી કાયશુદ્ધિ થાય છે, જે સમ્યક્ત્વ કે શ્રદ્ધાને અતિ નિર્મલ બનાવે છે.'

'આ પણ ઠીક છે અને તે પણ ઠીક છે' એવું મંતવ્ય અનભિગ્રહ નામના મિથ્યાત્વને લીધે ઉદ્ભવે છે એટલે તેનો ત્યાગ કરીને સત્યાસત્યના નિર્ણયમાં પ્રવૃત્ત થવું ઘટે છે અને તેમાં જે સત્ય હોય તેને પકડી રાખવું યોગ્ય છે. એ રીતે શાસ્ત્રોની પરીક્ષા કરતાં શ્રી જિનેશ્વરદેવોનાં વચનો સર્વથા સત્ય જણાય છે, તેથી મનવડે તેમને તે જ પ્રકારના માનવા. શ્રદ્ધાળુ આત્માઓની એ અડગ માન્યતા હોય છે કે—**'શ્રી જિનેશ્વરદેવોએ જે કંઇ પ્રરૂપેલું છે તે સત્ય છે.'** વાણી મનને અનુસરનારી હોય છે. એટલે માનસિક શુદ્ધિ થતાં વચનશુદ્ધિ મોટા ભાગે આવી જાય છે, છતાં દીર્ઘકાલના સંસ્કારથી, પ્રમાદથી કે વ્યવધાનથી કોઇ વાક્યપ્રયોગ એવો થવો ન ઘટે કે જે જિનદેવ કે જિનાગમની સત્યતામાં શંકા ઉઠાવનારો હોય. આ રીતે જેનું મન અને જેની વાણી

ખીલે બંધાણી છે, તે કાયા વડે પણ પોતાના અડગ નિશ્ચયને વ્યક્ત કરે છે, એટલે કે શ્રી જિનેશ્વરદેવ સિવાય અન્ય કોઇને માથું નમાવતો નથી. આ વિષયમાં મહાકવિ ધનપાલનો પ્રબંધ વિચારવા યોગ્ય છે.

## ૨૩. મહાકવિ ધનપાળનો પ્રબંધ

મહાકવિ ધનપાળ જન્મથી બ્રાહ્મણ હતા અને બ્રાહ્મણ ધર્મના સંસ્કારોમાં ઉછર્યા હતા પરંતુ પાછળથી જૈનધર્મના સંસ્કારો પામ્યા હતા અને શ્રી અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ તથા સર્વજ્ઞપ્રણીત તત્ત્વોમાં દૃઢ શ્રદ્ધાવાળા બન્યા હતા. તેમના 'મનની શુદ્ધિ' થઈ હતી, 'વાણીની શુદ્ધિ' થઇ હતી અને 'કાયાની પણ શુદ્ધિ' થઇ હતી. તે નીચેનો પ્રસંગ વિચારવાથી સમજી શકાશે.

એકદા ભોજરાજા મૃગયા રમવા નીકળ્યો. ત્યારે તેણે કેટલાક પંડિતોને પણ સાથે લીધા હતા, જેમાં મહાકવિ ધનપાળનો પણ સમાવેશ થતો હતો. રાજાએ એક હરિણીનો શિકાર કર્યો એટલે અન્ય પ્રાણીઓ અહીંતહીં દોડીને પોતાનો જીવ બચાવવા લાગ્યા. એ જોઇને રાજાએ પંડિતોને પૂછયું.

"किं कारणं तु कविराज ! मृगाश्च एते ।
व्योम्न्युत्पतन्ति विलिखंति भुवं वराहाः ॥"

'હે કવિરાજ ! આ મૃગો આકાશ તરફ કૂદે છે અને વરાહો (સૂઅરો) જમીન ખોદે છે તેનું કારણ શું હશે ?'

તેનો એક કવિએ ઉત્તર આપ્યો:

" देव ! त्वदस्त्रचकिताः श्रयितुं प्रयान्ति ।
एके मृगांकमृगमादिवराहमन्ये ॥ "

'હે દેવ ! આપના શસ્ત્રોથી ભયભીત થઈને મૃગો ચંદ્રમામાં રહેલા મૃગનો આશ્રય લેવા આકાશ ભણી કૂદે છે અને વરાહો પાતાળમાં રહેલા આદિ વરાહનો આશ્રય લેવા જમીનને ખોદે છે.'

પછી રાજાએ ધનપાલને કહ્યું કે તું મારા પ્રશ્નનો ઉત્તર આપ. ત્યારે ધનપાળે કહ્યું કે—

" रसातलं यातु यदत्र पौरुषं,
कुनीतिरेषाऽशरणो ह्यदोषवान् ।
निहन्यते यद्बलिनातिदुर्बलो,
हा हा ! महाकष्टमराजकं जगत् ॥ "

'મહારાજ ! આ વરાહ એમ કહે છે કે–તારો પુરુષાર્થ રસાતલમાં જાઓ, કારણ કે અહીં શરણ રહિત અને નિર્દોષ દુર્બલ પ્રાણીઓની બળવાનદ્વારા હત્યા કરવામાં આવે છે, જે પ્રત્યક્ષ અનીતિ છે. અહો ! મહાદુઃખની વાત છે કે આ જગત રાજા રહિત છે.'

" पदे पदे सन्ति भटा रणोत्कटा,
न तेषु हिंसारस एष पूर्यते ।
धिगीदृशं ते नृपते ! कुविक्रमं,
कृपाश्रये यः कृपणे मृगे मयि ॥ "

મહારાજ ! આ મૃગ ઊંચા થઇને એમ કહે છે કે 'હે રાજા ! સંગ્રામશૂરવીર યોદ્ધા આ દુનિયામાં અનેક ઠેકાણે છે, પરંતુ તેનાથી તારો લડવાનો હિંસારસ પૂરો ન થયો કે તું આ રીતે દયા કરવાના ઠેકાણે જ નિર્દય થઇ રહ્યો છે ! તેથી તારા આ નિંદ્ય પરાક્રમને ધિક્કાર છે !'

ધનપાળના આ વર્ણનથી રાજા ચોંકી ગયો. તેણે કહ્યું– 'અરે ધનપાળ ! તું આ શું કહે છે ?' તે વખતે ધનપાલે કહ્યું કે–'મહારાજ ! હું ઠીક જ કહું છું, કારણ કે—

"वैरिणोऽपि हि मुच्यन्ते, प्राणान्ते तृणभक्षणात् ।
तृणाहाराः सदैवैते, हन्यत पशवः कथम् ? ॥"

'પ્રાણનાશનું કારણ ઉત્પન્ન થતાં શત્રુ પણ જો મોંમાં તરણું લે તો તેને જતો કરવામાં આવે છે, ત્યારે આ નિરપરાધી પશુઓ જે હમેશા તૃણ મોંમાં લે છે, તેને કેમ મારી શકાય ?'

આગળ જતાં એક સરોવર આવ્યું ત્યારે રાજાના કહેવાથી એક કવિએ કાવ્યમાં વર્ણન કર્યું કે 'પ્રશસ્ત હંસો દ્વારા, ચંચળ કમળો દ્વારા, રંગને પ્રાપ્ત થયેલા તરંગો દ્વારા, ચંચળ બગસમૂહના કવલરૂપ મત્સ્યો દ્વારા, પાળ પર ઊગેલા વૃક્ષોની ડાળ પર પારણાં બાંધીને તેમાં બાળકોને સુવાડવા માટે ગવાઈ રહેલાં ગીતો દ્વારા તથા અન્ય અનેક ક્રીડાઓથી યુક્ત અને ચક્રવાક પક્ષીઓનાં જોડાં જેમાં રહેલાં છે, તેવું આ સરોવર અત્યંત શોભાયમાન છે.'

પછી રાજાના કહેવાથી ધનપાળે કાવ્યમાં કહ્યું કે 'આ સરોવર એક મોટી દાનશાળા જેવું જણાય છે કે જેમાં મત્સ્ય

વગેરે જલજંતુરૂપ અખૂટ ભોજન તૈયાર છે અને તેને આરોગનાર બગલા, સારસ, ચક્રવાક આદિ પક્ષીઓ છે, એથી અહીં કઈ જાતનું પુણ્ય થઇ રહ્યું છે, તેની કંઇ ખબર પડતી નથી!'

રાજાને ધનપાળની આ વાત રુચી નહિ. હવે નગર તરફ પાછા ફરતાં યજ્ઞનો એક મંડપ આવ્યો. ત્યાં યજ્ઞસ્થંભે કેટલાંક પશુઓને બાંધેલાં હતાં, જે ચિત્કાર કરી રહ્યાં હતાં. આ સાંભળીને રાજાએ પંડિતોને પૂછયું કે 'આ પશુઓ શું કહે છે?'

પ્રત્યુત્તરમાં એક પંડિતે કહ્યું કે 'આ પશુઓ એમ કહે છે કે-અમને બલિદાન માટે ડગલે ડગલે હણો, કારણ કે અમે તૃણભક્ષણથી ગભરાઇએ છીએ, અમારું પેટ ભરાતું નથી, અમને સમજદાર પુરુષો પણ 'પશુ' કહીને તિરસ્કારે છે, અમે ક્ષુધા-તૃષ્ણાથી આકુળ થઇએ છીએ અને સ્ત્રી, માતા આદિનો ભેદ પણ સમજતા નથી, માટે હે સ્વામી! અમને સ્વર્ગમાં લઈ જાઓ એવી અમારી પ્રાર્થના છે.'

પછી ધનપાળને પૂછયું ત્યારે ધનપાળે કહ્યું કે 'આ પશુઓ પોકાર કરીને એમ કહે છે કે-અમને સ્વર્ગના ભોગ ભોગવવાની ઇચ્છા નથી અને અમે તે માટે તમને પ્રાર્થના પણ કરી નથી. અમે તો નિરંતર તૃણનું ભક્ષણ કરીતે સંતુષ્ટ રહીએ છીએ એટલે તમારાથી હણાવાને માટે અયોગ્ય છીએ. જો તમારાવડે યજ્ઞને માટે મરાયેલાં પ્રાણીઓ અવશ્ય સ્વર્ગમાં જતાં હોય તો તમે તમારા માતા, પિતા, પુત્ર અને બંધુ આદિનો જ યજ્ઞ કેમ કરતા નથી?'

આ સાંભળીને ખિન્ન થયેલા રાજાએ ધનપાળને કહ્યું કે- 'અરે! તું આ શું કહે છે?' ત્યારે ધનપાળે જરા પણ સંકોચ પામ્યા વિના કહ્યું કે 'મહારાજ! હું સાચું જ કહું છું. કારણ કે—

" यूपं कृत्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गं, नरके केन गम्यते ? "

જો આવી રીતે યજ્ઞસ્થંભ રોપીને, પશુઓનો વધ કરીને તથા રુધિરનો કીચડ કરીને સ્વર્ગે જવાતું હોય તો પછી નરકમાં કોણ જશે?'

આ રીતે યજ્ઞ માટેનો અભિપ્રાય સાંભળીને રાજાએ ધનપાળ તરફ વક્રદૃષ્ટિથી જોયું અને ઘેર પહોંચતાં જ તેના આખા કુટુંબને કેદ કરવાનો મનથી સંકલ્પ કર્યો. ચતુર ધનપાળ ઇંગિતાકારથી રાજાનો આ મનસૂબો સમજી ગયો, પણ જિનશાસનમાં સાચો શ્રદ્ધાવાન્ હોવાથી અસત્ય વચન બોલ્યો નહિ.

આગળ જતાં એક શિવાલયમાં રાજાએ પ્રવેશ કર્યો એટલે બધા પંડિતોએ શિવને સ્તુતિપૂર્વક નમસ્કાર કર્યો પણ ધન-પાળ ચૂપચાપ ઊભો રહ્યો. તેણે પોતાનું મસ્તક શિવને નમાવ્યું નહિ. આ જોઇ રાજાએ તેનું કારણ પૂછ્યું ત્યારે ધનપાળે નિઃશંક થઇને કહ્યું કે—

" जिनेन्द्रचन्द्रप्रणिपातलालसं,
मया शिरोऽन्यस्य न नाम नाम्यते ।

गजेन्द्रगल्लस्थलदानलालसं,
शुनीमुखे नालिकुलं निलीयते ॥ ”

“ હે રાજા ! જિનેન્દ્રરૂપી ચન્દ્રને નમસ્કાર કરવાને તલપી રહેલું મારું શિર હું અન્ય કોઇની સામે ઝૂકાવતો નથી. મદોન્મત્ત હાથીના ગંડસ્થલમાંથી ઝરતો મદ પીવાને ઉત્સુક ભમરાઓનો સમૂહ શું કદી પણ કૂતરાઓના મુખમાંથી નીકળતી લાળ પર લીન થાય છે ખરો ? ”

બસ, આ જવાબે અવધિ કરી. રાજાનો ક્રોધ અનેકગણો વધી ગયો. એવામાં પુરદ્વારની સમીપ એક વૃદ્ધ સ્ત્રી સામી મળી કે જે એક બાલિકાના હાથનું અવલંબન લઇને વાંકી-વાંકી ચાલી રહી હતી અને ડાકું ધુણાવી રહી હતી. તે જોઇને રાજાએ પંડિતોને પૂછ્યું કે–આ ડોસીના હાથપગ કેમ ધ્રૂજે છે અને તે પોતાનું શિર શા માટે ધૂણાવે છે ?

ત્યારે એક પંડિતે કહ્યું:

“ जरायष्टिप्रहारेण, कुब्जीभूता हि वामना ।
गततारुण्यमाणिक्यं, निरीक्षते पदे पदे ॥ ”

‘ જરા અવસ્થારૂપી લાકડીના પ્રહારથી વાંકી વળી ગયેલી આ વામન સ્ત્રી ડગલે ડગલે એ શોધી રહી છે કે મારું તારુણ્ય-રૂપી માણેક ક્યાં ગયું ? ’

પછી રાજાએ ધનપાલને કહ્યું કે–‘ વક્રમતિ ધનપાલ ! તારે આ બાબતમાં શું કહેવાનું છે ? ’ ત્યારે ધનપાલે કહ્યું કે—

" किं नन्दी किं मुरारिः किमु रतिरमणः, किं नलः किं कुबेरः ?
किं वा विद्याधरोऽसौ किमुत सुरपतिः, किं विधुः किं विधाता ?।
नायं नायं न चायं न खलु न हि न वा, नापि नासौ न चैष,
क्रीडां कर्तुं प्रवृत्तः स्वयमिह हि हले ! भूपतिर्भोजदेवः ॥ "

'મહારાજ ! આ બાલિકા તેની માતાને પૂછી રહી છે કે સામેથી આવી રહેલ શું મહાદેવ છે ? શું વિષ્ણુ છે ? શું કામદેવ છે ? શું નળ છે ? શું કુબેર છે ? શું વિદ્યાધર છે ? શું ઇંદ્ર છે ? શું ચંદ્ર છે ? કે બ્રહ્મા છે ? તેનો ડોસી મસ્તક ધૂણાવીને ઉત્તર આપે છે કે-એ નથી, એ નથી, એ પણ નથી, નહિ, નહિ, નહિ, ના, ના, તેમાંનો કોઈ પણ નથી, આ તો ક્રીડા કરવામાં પ્રવૃત્ત થયેલા મહારાજા ભોજદેવ પોતે છે.'

ધનપાળનો આ જવાબ સાંભળીને રાજા બહુ જ ખુશ થઇ ગયો અને બોલી ઊઠયો કે ' ધનપાળ ! હું તારી આ અદ્ભુત કાવ્યશક્તિથી ઘણો જ પ્રસન્ન થયો છું, માટે વરદાન માગ.' ત્યારે ધનપાળે કહ્યું કે ' તમે મારી લીધેલી વસ્તુઓ પાછી આપી દો.' રાજાએ કહ્યું: ' મેં તારું શું લીધું છે ?' ધનપાળે કહ્યું: ' મહારાજ ! બરાબર યાદ કરો. જ્યારે તમે હરિણીનો શિકાર કર્યો ત્યારે મારું કાવ્ય સાંભળીને મારી એક આંખ કાઢી લેવાનો વિચાર કર્યો હતો, સરોવરનું વર્ણન સાંભળીને બીજી આંખ કાઢી લેવાનો વિચાર કર્યો હતો અને યજ્ઞસ્તંભે બાંધેલા પશુઓનું વર્ણન સાંભળીને મારાં આખા કુટુંબને કેદ કરવાનો વિચાર કર્યો હતો તેથી એ સઘળી વસ્તુઓ મને પાછી આપો.'

આ ઉત્તરથી પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું કે 'ધનપાલ ! તું સાચો સર્વજ્ઞપુત્ર છે કે મારા મનની બધી વાતો જાણી ગયો. આથી હું તારા પર ખુશ થયો છું ને તને એક ક્રોડ સોનામહોરો બક્ષીસ આપું છું.'

તાત્પર્ય કે–જેના હૃદયમાં સાચી શ્રદ્ધાએ વાસ કર્યો છે તે શ્રી જિનેશ્વર દેવનાં વચનોને જ સાચાં માને છે, તે વચનથી વિરુદ્ધ વાણી ઉચ્ચારતો નથી અને મિથ્યાત્વી દેવોને શિર નમાવતો નથી.

## ૨૪. પાંચ પ્રકારનાં દૂષણો.

'કઈ કઇ વસ્તુઓ શ્રદ્ધાને દૂષિત કરે છે ?' એ પ્રશ્નનો ઉત્તર આપતાં નિર્ગ્રંથ મહર્ષિઓ જણાવે છે કે—

**"शंका कांक्षा विचिकित्सा, मिथ्यादृष्टिप्रशंसनम् ।**
**तत्संस्तवश्च पञ्चापि, सम्यक्त्वं दूषयन्त्यमी ॥"**

"શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિપ્રશંસા અને મિથ્યાદૃષ્ટિસંસ્તવ એ પાંચ સમ્યક્ત્વને દૂષિત કરનાર છે."

શ્રદ્ધાને શુદ્ધ રાખવી હોય તો મનને શંકાશીલ રાખવું નહિ. જે વાતનો એક વાર સમજણપૂર્વક સ્વીકાર કર્યો છે, તેમાં વારંવાર શંકાઓ કરવાથી તે વિષેનો આગ્રહ ક્ષીણ થતો જાય છે અને આખરે તે વસ્તુ છૂટી જાય છે. દાખલા તરીકે 'દાન કરવાથી પુણ્ય થાય છે' એવું એક વાર બરાબર સમજી લીધા પછી 'દાન કરવાથી પુણ્ય થતું હશે કે કેમ ? એમાં કંઇ ખોટું તો નહિ હોય ?' તેવો વિચાર વારંવાર કરવાથી

દાન કરવાની વૃત્તિ શિથિલ થતી જાય છે અને છેવટે નિષ્ક્રિયતા આવીને ઊભી રહે છે. તેવું જ સઘળી બાબતમાં સમજવું; માટે જ શાસ્ત્રકારો કહે છે કે-શ્રી જિનેશ્વરોએ જે કંઇ કહ્યું છે, તેમાં મુદ્દલ શંકા કરવી નહિ. આજે એક બાબતમાં શંકા થઇ, કાલે બીજી બાબતની શંકા થાય, ત્રીજા દિવસે ત્રીજી બાબતની શંકા ઉઠે. એમ શંકાની પરંપરા પ્રજ્વલિત થયેલા અગ્નિની જેમ ક્રમશઃ વધતી જ જાય અને છેવટે કશા પર શ્રદ્ધા રહે નહિ. તેથી શંકાની વૃત્તિ ન રાખવી એ જ ઉચિત છે.

જે વસ્તુનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કર્યો છે, તેને જ વળગી રહેવું પણ અન્ય વસ્તુની આકાંક્ષા કરવી નહિ. ઈજનેર થવાને ઈચ્છતો યુવાન ઇજનેરી ફલદાયક છે એવી શ્રદ્ધા જાળવી રાખે તેમાં જ એનું કલ્યાણ છે. એને બદલે જો તે 'વ્યાપારવિશારદ થઇએ તો કેમ ?' અથવા 'રસાયણવિદ્યામાં નિષ્ણાત થનારને હાલ સારી તક મળે છે, માટે રસાયણ વિદ્યાનો નિષ્ણાત થાઉં તો કેમ ?' અથવા 'જીવનમાં આગળ વધવા માટે કાયદાનું જ્ઞાન બહુ કામ લાગે છે, માટે બી. એ., એલએલ. બી. થઉં તો શું ખોટું ?' એવા એવા વિચારો કરે તો એ કદી પણ ઈજનેરીના અભ્યાસમાં ઉચ્ચ કક્ષા મેળવી શકે નહિ અથવા તો એ અભ્યાસ વચ્ચેથી જ છોડી દે. મતલબ કે-એક ધ્યેય નિશ્ચિત કર્યા પછી તેને મક્કમતાથી વળગી રહેવાને બદલે અન્ય અન્ય વસ્તુઓની આકાંક્ષા કરવામાં આવે તો એ ધ્યેયને પહોંચવા માટેની એની શ્રદ્ધા ડહોળાય છે અને તેમાં ભંગાણ પડવાનો સંભવ ઊભો થાય છે.

વિચિકિત્સા એટલે ફલનો સંદેહ. 'આ ક્રિયા હું કરી તો

રહ્યો છું પણ તેનું ફળ મળશે કે કેમ ?' એવા વિચારો વારંવાર આવે તો પણ શ્રદ્ધાને અસર પહોંચે છે અને એક વખત એવો આવે છે કે જ્યારે તેની એ શ્રદ્ધા સંપૂર્ણ રીતે તૂટી પડે છે. એક માણસને ખબર પડી કે અમુક સ્થળેથી સોનું નીકળે તેમ છે, એટલે તેણે એ બાબતમાં નિષ્ણાતોની સલાહ લીધી. નિષ્ણાતોએ બધી તપાસ કરીને જણાવ્યું કે વાત સાચી છે, એ સ્થળેથી સોનું અવશ્ય નીકળશે. હવે તે માણસે ત્યાંથી સોનું ખોદી કાઢવા માટે યોજના ઘડી અને તે માટે જરૂરી સાધનસામગ્રી વસાવી અને કાબેલ માણસોને રોકયા. પરંતુ તે પોતે વિચિકિત્સક હતો. એટલે કે મનમાં વારંવાર વિચાર કરતો કે અહીંથી સોનું નીકળશે કે કેમ ? એટલે થોડું ખોદકામ થાય કે માણસોને પૂછયા કરતો કે કેમ સોનું નીકળ્યું ? ત્યારે માણસો જવાબ આપતાં કે હજી સુધી સોનું નીકળ્યું નથી. એ રીતે જમીન કેટલાયે ફુટ ખોદાઈ પણ સોનું નીકળ્યું નહિ એટલે તે માણસે કપાળ કૂટયું અને બોલી ઊઠયો કે—'મને પહેલેથી જ લાગતું હતું કે અહીંથી સોનું નીકળવાનું નથી, છતાં મેં બીજાઓની સલાહ માની અને લાખો રૂપીઆનો નકામો ખર્ચ કર્યો. મારા જેવો મૂર્ખ બીજો કોણ હશે ?' આ રીતે સંપૂર્ણ શ્રદ્ધાભ્રષ્ટ થઈને તેણે પોતાની એ જમીન અને સાધન-સામગ્રી મામૂલી કિંમતે બીજાને વેચી નાખી. હવે આ જમીન અને સાધન-સામગ્રી ખરીદનાર શ્રદ્ધાળુ હતો. તેણે વિચાર કર્યો કે—આ જમીન ઘણી ઊંડે સુધી ખોદાઈ ગઈ છે, એટલે મારે બહુ ઊંડી ખોદવી નહિ પડે. અને તેણે કામ ચાલુ કર્યું. આશ્ચર્યની વાત એ છે કે—

તે જગાને માત્ર સાત–આઠ ફુટ ઊંડી ખોદતાં જ ધારેલું સોનું મળી આવ્યું અને તે માણસ ક્રોડો રૂપીઆ કમાઇ ગયો. કહેવાની મતલબ એ છે કે–પેલો માણસ જો વિચિત્કસક ન હોત તો હજી પણ વધારે ઊંડું ખોદત અને તેમ કરત તો તેના બધા પરિશ્રમનો બદલો મળી જાત, પણ વારંવાર ફલમાં શંકા કરવાથી-વિચિકિત્સા કરવાથી તેની શ્રદ્ધા દૂષિત થઇ અને આખરે તૂટી પડી એટલે તેનો સર્વ પરિશ્રમ વ્યર્થ ગયો અને તે મહાલાભથી વંચિત થયો.

ધર્મકરણી માટે પણ આ જ દૃષ્ટાંત લક્ષ્યમાં રાખવાનું છે. શ્રી જિનેશ્વર દેવ સત્ય છે, તેમના કહેલાં વચનોમાં ફેરફાર હોય નહિ, તો પછી તેમણે બતાવેલાં વિધિ–વિધાનો અને અનુષ્ઠાનોનાં ફલમાં સંદેહ શા માટે રાખવો ? એટલે એ અપૂર્વ ક્રિયાઓનું ફલ અવશ્ય મળે છે, એવી શ્રદ્ધાથી તેમાં પ્રવૃત્ત થવું અને આખર સુધી એ શ્રદ્ધાને જાળવી રાખવી એ જ ઇષ્ટ છે.

મિથ્યાત્વીઓની પ્રશંસાથી શ્રદ્ધા ડહોળાય છે અને આખરે મન ડગમગી જવાનો પ્રસંગ આવે છે, તે અનુભવસિદ્ધ છે. જેમને સત્યની સાધના કરવી છે તેણે અસત્યથી થતા લાભોનો વિચાર શા માટે કરવો જોઇએ ? એટલે મિથ્યાત્વીઓની–મિથ્યાદૃષ્ટિઓની કરણીને વખાણવી એ શ્રદ્ધાને દૂષિત કરનાર છે. તે જ રીતે મિથ્યાદૃષ્ટિઓ સાથે બહુ વાતો કરવાથી અને તેમનો વિશેષ પરિચય કરવાથી શ્રદ્ધા ડહોળાય છે, એટલે મિથ્યાદૃષ્ટિસંસ્તવને પણ શ્રદ્ધાનું દૂષણ માનવામાં આવ્યું છે. આ વિષયમાં **નંદન મણિયાર**નું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે કે જેણે

એક વાર શ્રી મહાવીર પ્રભુ પાસે શ્રાવકનાં બાર વ્રતો ધારણ કર્યાં હતાં. પણ પાછળથી મિથ્યાદૃષ્ટિઓના સંસ્તવ–વધારે પડતી વાતચીતનો પ્રસંગ તથા પરિચયને લીધે શ્રદ્ધાભ્રષ્ટ થઇને પુણ્ય ઉપાર્જન કરવા માટે એક સુંદર વાવ ખોદાવી હતી અને તેના મોહને લીધે મરીને તેમાં જ દેડકાપણે ઉત્પન્ન થયો હતો.

## ૨૫. આઠ પ્રકારના પ્રભાવકો

જે સમ્યક્ત્વ યા શ્રદ્ધાથી યુક્ત હોય છે, તે જ સામર્થ્ય પ્રાપ્ત થતાં શાસનની–સત્યની પ્રભાવના કરી શકે છે. તે માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

**" पावयणी धम्मकही वाई णेमित्तिओ तवस्सी य ।**
**विज्जा सिद्धो य कवि, अट्ठे पभावगा भणिया ॥ "**

" પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન્, સિદ્ધ અને કવિ એ આઠ પ્રકારના પ્રભાવકો (જિનશાસનમાં) કહેલા છે."

**પ્રાવચનિક** એટલે જિનભાષિત આગમોની સમયાનુસાર પ્રરૂપણા કરી શકનાર. તે શ્રી **વજ્રસ્વામી** વગેરે જાણવા.

**ધર્મ–કથી** એટલે સામાને ધર્મ પમાડવાની અદ્ભુત શક્તિ ધરાવનાર. તે મુનિશ્રી **નંદિષેણ** વગેરે જાણવા.

**વાદી** એટલે પ્રમાણુશાસ્ત્રમાં કુશલ. તે આચાર્ય શ્રી **મલ્લવાદી** વગેરે જાણવા.

**નૈમિત્તિક** એટલે નિમિત્તવિદ્યા( જ્યોતિષ વગેરે )માં કુશલ. તે શ્રી **ભદ્રબાહુસ્વામી** વગેરે જાણવા.

**તપસ્વી** એટલે મહાન્ તપશ્ચર્યા કરી શકનાર. તે **કાષ્ઠમુનિ** વગેરે જાણવા.

**વિદ્યાવાન્** એટલે વિદ્યાથી યુક્ત તે શ્રીમદ્ **વજ્રસ્વામી** તથા શ્રીમદ્ **હેમચંદ્રસૂરિજી** વગેરે જાણવા.

**સિદ્ધ** એટલે અદ્ભુત સિદ્ધિઓથી યુક્ત. તે શ્રી **પાદલિપ્ત-સૂરિ**, શ્રી **કાલકાચાર્ય** વગેરે જાણવા.

**કવિ** એટલે અપૂર્વ કવિત્વશક્તિ ધારણ કરનાર. તે શ્રી **સિદ્ધસેનદિવાકર** વગેરે જાણવા.

## ૨૬. પાંચ પ્રકારનાં ભૂષણો.

કાયા જેમ ભૂષણોથી શોભે છે તેમ શ્રદ્ધા પાંચ પ્રકારના ગુણોથી શોભે છે. તેમાં;–ગમે તેવી મુશ્કેલી આવી પડે કે દેવો વગેરે તરફથી ઉપસર્ગ થાય છતાં સમ્યક્ત્વથી–શ્રદ્ધાથી ચલિત ન થવું તે **સ્થિરતા કે દઢતા** નામનું પહેલું ભૂષણ ગણાય છે. ધર્મનાં અનેક કાર્યોદ્વારા શાસનની ઉન્નતિ કરવી તે **પ્રભાવના** નામનું બીજું ભૂષણ ગણાય છે. દેવપૂજન તથા ષડાવશ્યકાદિ ક્રિયામાં નિપુણતા રાખવી તે **ક્રિયાકુશળતા કે કૌશલ્ય** નામનું ત્રીજું ભૂષણ ગણાય છે. શ્રી જિનેશ્વરદેવનો તથા સાધુઓનો અંતરથી આદર કરવો તે **ભક્તિ** નામનું ચોથું ભૂષણ ગણાય છે અને વિવિધ તીર્થોની યાત્રા કરવી તથા સંવિગ્નજનોનો સંસર્ગ કરવો તે **તીર્થસેવન** નામનું

પાંચમું ભૂષણ ગણાય છે. તાત્પર્ય કે–દઢતા, ઉન્નતિની અભિલાષા, ક્રિયાકુશળતા, ભક્તિ ( વફાદારી ) અને ઉત્તમ સહવાસ હોય તો શ્રદ્ધા ખૂબ દીપી ઉઠે છે.

સંતપુરુષોએ આપેલો સદુપદેશ પણ આ જ ગુણો ખીલવવાનું સૂચન કરે છે. એક સંતપુરુષ કહે છે કે—

" पूजामाचरतां जगत्रयपतेः, सङ्घार्चनं कुर्वतां,
तीर्थानामभिवन्दनं विदधतां, जैनं वचः शृण्वताम् ।
सद्दानं ददतां तपश्च चरतां, सत्त्वानुकम्पा कृतां,
येषां यान्ति दिनानि जन्म सफलं, तेषां सुपुण्यात्मनाम् ॥ "

" જે પુણ્યાત્માઓના દિવસો ત્રણ જગતના પતિ એવા તીર્થંકરોની પૂજા કરવામાં ( ભક્તિ ), સંઘનું અર્ચન કરવામાં ( ભક્તિ ), તીર્થોનું વંદન કરવામાં ( તીર્થસેવન ), જિનવાણી સાંભળવામાં ( કૌશલ્ય ), સદ્દાન દેવામાં ( પ્રભાવના ) તપનું આચરણ કરવામાં ( પ્રભાવના ), અને પ્રાણીઓ પ્રત્યે અનુકંપા દર્શાવવામાં (કૌશલ્ય), પસાર થાય છે તેમનો જન્મ સફલ છે."

## ૨૭. પાંચ પ્રકારનાં લક્ષણો.

શ્રદ્ધાળુ આત્માઓને ઓળખવાનું લક્ષણ એ છે કે–તેમના હૃદયમાં **શમ** હોય છે, **સંવેગ** હોય છે, **નિર્વેદ** હોય છે, **અનુકંપા** હોય છે અને **આસ્તિક્ય** હોય છે.

ગમે તેવો અપકાર કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરવો તે શમ કે ઉપશમ કહેવાય છે. તેની પ્રશંસા કરતાં મહર્ષિઓએ કહ્યું છે કે—

" क्षमाखड्गं करे यस्य, दुर्जनः किं करिष्यति ?
अतृणे पतितो वह्निः, स्वयमेव विनश्यति ॥ "

'જેના હાથમાં ક્ષમારૂપી ખડ્ગ છે, તેને દુર્જન શું કરશે ? ઘાસ વિનાની જગામાં પડેલો અગ્નિ સ્વયમેવ બુઝાઈ જાય છે.'

મોક્ષના અભિલાષને સંવેગ કહેવાય છે. તેનો પરિચય આપતાં મહર્ષિઓએ જણાવ્યું છે કે—

" नरविबुहेसरसुक्खं दुखं, चिय भावओ अमन्नंतो ।
संवेगओ न मुक्खं, मुत्तूणं किंपि पत्थेइ ॥ "

'સંવેગવાળો આત્મા રાજા અને ઇંદ્રોના સુખને પણ અંતરથી દુઃખ માને છે, તે મોક્ષ સિવાય અન્ય કોઈ પણ વસ્તુની રુચિ ધરાવતો નથી.'

ભવભ્રમણના કંટાળાને નિર્વેદ કહેવાય છે, એટલે જે આત્માને નવો જન્મ ધારણ કરવો પડે તે જરા પણ ગમતું નથી, તેનામાં નિર્વેદ પ્રકટ થયેલો મનાય છે. કહ્યું છે કે—

" संसारकारकागार–विवर्जनपरायणा ।
प्रज्ञा चित्ते भवेद्यस्य, तन्निर्वेदकवान्नरः ॥ "

" સંસારરૂપી કારાગૃહને છોડવાની જેના ચિત્તમાં દૃઢ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે તે પુરુષ નિર્વેદવાન કહેવાય છે. "

દુઃખીઓ પ્રત્યે દયા રાખવી તે અનુકંપા કે કરુણા કહેવાય છે. તે માટે લૌકિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે—

" सर्वे वेदा न तत्कुर्युः, सर्वे यज्ञाश्च भारत ! ।
सर्वे तीर्थाभिषेकाश्च, यत्कुर्यात् प्राणीनां दया ॥ "

" હે અર્જુન ! જીવદયાથી જેટલું પુણ્ય થાય છે, તેટલું પુણ્ય સર્વે વેદો સાંભળતાં, સર્વે યજ્ઞો અને સર્વે તીર્થોની યાત્રા કરતાં પણ થતું નથી. "

સંતકવિ તુલસીદાસજીએ કહ્યું છે કે—

દયા ધર્મકો મૂળ હૈ, પાપમૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાન.

એટલે મોક્ષની શ્રદ્ધા ધરાવનાર આત્માનું હૃદય, અનુકંપા કે કરુણાથી ભરેલું હોવું જ જોઈએ.

જિનવચન પરના પરમ વિશ્વાસને આસ્તિક્ય કહેવાય છે. '**अत्थिक्कं पच्चओ वयणे**'-'**आस्तिक्यं प्रत्ययो वचने.**' વધારે સ્પષ્ટ કહીએ તો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એ નવતત્ત્વોની તથા સુદેવ, સુગુરુ અને સુધર્મમાં પૂર્ણ પ્રતીતિ હોવી તે આસ્તિક્ય છે. બીજી રીતે કહીએ તો જેઓ જીવ અને અજીવને જુદા માનતા નથી; પુણ્ય અને પાપની ભિન્નતાનો તથા તેના ફળનો સ્વીકાર કરતા નથી; આશ્રવ તથા બંધને હેય અને સંવર તથા નિર્જરાને ઉપાદેય માનતા નથી; તથા મોક્ષ નામની અવસ્થા માટે શંકાશીલ હોય તેઓ આસ્તિક્યથી રહિત છે અને શ્રદ્ધાળુ ન હોવાનું સ્પષ્ટ ચિહ્ન છે.

## ૨૮. છ પ્રકારની યતના

'શ્રદ્ધાળુ આત્માએ કઇ છ બાબતોથી સાવધાન રહેવું જોઇએ ?' તેનો ઉત્તર આપતાં નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

"परतित्थीणं तद्देवयाण, तग्गहिय चेइयाणं च ।
जं छव्विहववहारं, न कुणइ सो छव्विहा जयणा ॥

वंदणं नमंसणं वा, दाणाणुपयाणु तेसि वज्जेइ ।
आलावं संलावं, पुव्वमणालत्तगो न कुणइ ॥"

"પરતીર્થીઓ, તેમના દેવો અને તેમણે સ્વાધીન કરેલાં ચૈત્યો સાથે જે છ પ્રકારનો વ્યવહાર ન કરવો તે છ જયણા-યતના કહેવાય છે. કયા છ પ્રકારનો વ્યવહાર ન કરવો ? તેનો ખુલાસો એ છે કે (૧) તેમને વંદન કરવું નહિ, (૨) નમસ્કાર કરવો નહિ, (૩-૪) સુપાત્ર બુદ્ધિથી દાન અને અનુપ્રદાન કરવું નહિ તથા (૫-૬) તેમના બોલાવ્યા વિના પ્રથમ જ તેમની સાથે આલાપ અને સંલાપ કરવો નહિ.

## ૨૯. છ પ્રકારના આગાર કે અપવાદ

ઉત્સર્ગ માર્ગ જાણવાની સાથે અપવાદ માર્ગ જાણવાની પણ જરૂર રહે છે. ઉત્સર્ગ માર્ગ એટલે રાજમાર્ગ કે મુખ્ય માર્ગ અને અપવાદ માર્ગ એટલે ગલીકુંચીનો માર્ગ કે ન છૂટકે ગ્રહણ કરવો પડતો માર્ગ. સંસારવ્યવહારમાં કેટલાક પ્રસંગો એવા ઊભા થાય છે કે જ્યારે આંતરિક શ્રદ્ધા એક પ્રકારની હોય અને વર્તન બીજા પ્રકારે કરવું પડતું હોય. પરંતુ તેથી

શ્રદ્ધાનો ખરેખરો ભંગ થયેલો ગણાતો નથી. તે માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

" आगारा अववाया, छव्विह कीरंति भंगरक्खट्ठा ।
रायगणबलसुरकमगुरुनिग्गहवित्तिकंतारा ॥ "

' રાજાભિયોગ, ગણાભિયોગ, બલાભિયોગ, દેવાભિયોગ, ગુરુનિગ્રહ અને વૃત્તિકાંતાર, આ છ આગારો સમ્યક્ત્વભંગની રક્ષાને માટે કરેલા છે. '

અંતરની ઈચ્છા ન હોવા છતાં કોઈ કામ રાજાની આજ્ઞાથી કરવું પડે તે **રાજાભિયોગ** કહેવાય.

અંતરની ઈચ્છા ન હોવા છતાં કોઇ કામ ઘણા લોકોના કહેવાથી કરવું પડે **ગણાભિયોગ** કહેવાય.

અંતરની ઈચ્છા ન હોવા છતાં કોઇ કામ વધારે બલવાનના કહેવાથી કરવું પડે તે **બલાભિયોગ** કહેવાય.

અંતરની ઈચ્છા ન હોવા છતાં કોઈ કામ દેવના હઠથી કરવું પડે છે **દેવાભિયોગ** કહેવાય.

અંતરની ઈચ્છા ન હોવા છતાં કોઈ કામ માતા, પિતા, કલાચાર્ય વગેરે ગુરુવર્ગના કહેવાથી કરવું પડે તે **ગુરુનિગ્રહ** કહેવાય.

અંતરની ઈચ્છા ન હોવા છતાં આજીવિકાની પરાધીનતા અંગે શુદ્ધધર્મથી પ્રતિકૂળ પ્રવૃત્તિ નિરુપાયે કરવી પડે તે **કાંતારવૃત્તિ** કહેવાય.

## ૩૦. છ પ્રકારની ભાવના

શ્રદ્ધા કે સમ્યક્ત્વ અંગે પોતાના વિચારો કેવા હોવા ઘટે છે તેનો ખુલાસો છ પ્રકારની ભાવનાવડે કરવામાં આવ્યો છે. તે ભાવના આ પ્રકારની હોય છે.

(૧) સમ્યક્ત્વ કેવું છે? ચારિત્ર ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે.

(૨) સમ્યક્ત્વ કેવું છે? ધર્મનગરમાં પેસવાનું દ્વાર છે.

(૩) સમ્યક્ત્વ કેવું છે? ધર્મરૂપી મહેલનો પાયો છે.

(૪) સમ્યક્ત્વ કેવું છે? જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણનો નિધિ છે.

(૫) સમ્યક્ત્વ કેવું છે? ચારિત્રરૂપી જીવનનો આધાર છે.

(૬) સમ્યક્ત્વ કેવું છે? શ્રુત-ચારિત્રરૂપી રસનું પાત્ર છે.

આ રીતે માનવાથી શ્રદ્ધા કે સમ્યક્ત્વ અંગે હૃદયમાં બહુમાન થાય છે અને તેથી તેની દૃઢતામાં તથા શુદ્ધિમાં જબરો વેગ આવે છે.

## ૩૧. છ સ્થાનો.

'શ્રદ્ધા કે સમ્યક્ત્વ કઈ તાત્ત્વિક માન્યતાને આધારે ટકે છે?' એ પ્રશ્નના ઉત્તરમાં છ સ્થાનો રજૂ કરવામાં આવ્યા છે, તે આ રીતેઃ—

"अत्थि जिओ तह निच्चो, कत्ता भोत्ता य पुन्नपावाणं।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥"

' જીવ છે, તે નિત્ય છે, તે કર્મોનો કર્તા છે, તે કર્મોનો ભોક્તા છે, મોક્ષ છે અને તેનો ઉપાય પણ છે, એ છ સ્થાનો સમ્યક્ત્વને ટકાવનારાં છે. '

આ છ સ્થાનનો વિસ્તાર આ જ ગ્રંથમાળાના છઠ્ઠા પુસ્તક ધર્મામૃતમાં કરવામાં આવ્યો છે, એટલે અહીં તેની પુનરુક્તિ કરતા નથી. પણ ટૂંકમાં એટલું જ કહીએ છીએ કે આ સ્થાનની દૃઢ માન્યતા વિના શ્રદ્ધારૂપી મહેલ કકડભૂસ તૂટી પડે છે, તેથી શ્રદ્ધાળુ આત્માઓએ તેને અવશ્ય મજબૂત બનાવવાં જોઇએ.

આ રીતે શ્રદ્ધા કે સમ્યક્ત્વના ૬૭ બોલોનો વિચાર અહીં પૂરો થાય છે. તેનું તાત્પર્ય એ છે કે–તત્ત્વવિચારણા, યોગ્ય વાતાવરણ અને અમુક નિયમો પ્રમાણે ચાલવાથી શ્રદ્ધાનો વિકાસ થાય છે કે જેનું પરંપરાફલ મોક્ષ છે.

## ૩૨. ઉપસંહાર.

શ્રદ્ધા વિના શક્તિ નથી, શક્તિ વિના ભક્તિ (આરાધના) નથી અને ભક્તિ વિના મોક્ષ નથી; માટે મોક્ષના અભિલાષીઓએ શ્રદ્ધા કેળવવાનો સતત પ્રયાસ કરવો અને તે માટે નીચેની પંક્તિઓનું પુનઃ પુનઃ મનન કરવું.

શ્રદ્ધા વિણ સમકિત નહિ, સમકિત વિણુ નહિ નાણ;
નાણ વિના ઉપજે નહિ, ચરણ–કરણ અહિઠાણ. ૧

ચરણ–કરણ વિણ કર્મનો, હોય ન પૂર્ણ વિનાશ;
કર્મનાશ કીધા વિના, નહિ મુક્તિની આશ. ૨

એ કારણ શ્રદ્ધાતણું, કરો અધિક સન્માન;
તર્ક તુરંગે ના ચડો, શાણા ! સમજો સાન. ૩

ટૂંક જીવનમાં તંત શ્યો ? રાખો નિશ્ચય એક;
આ સંસાર અસારથી, છૂટી જવું છે છેક. ૪

દેવ, ગુરુ ને ધર્મનો, આવો સુંદર સાજ;
ફરી ફરીને નહિ મળે, સાધો આતમકાજ. ૫

ક્ષણ ક્ષણ આયુ જાય છે, પલટે છે સંયોગ;
ઊભા જુએ છે વાટડી, વૈરી સમ વડ રોગ. ૬

આજ સુધી હારી ઘણી, મીંડાકેરી હાર;
મૂકો આગળ એકડો, ધીરજથી આ વાર. ૭

## -: તુરત ગ્રાહક બનો :-

**સહુ કોઇ સમજી શકે તેવી શૈલી અને ભાષામાં તૈયાર થએલી**

સહુ કોઈને વાંચવી ગમી જાય તેવી **ધર્મબોધ ગ્રન્થમાળાનાં**
૨૦ પુસ્તકોના ગ્રાહક બની જાવ.

જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને તેના આચારોને સુંદર ઢબે સમજાવતી, હરકોઇને ઉત્તમ જીવન જીવવામાં અતિ ઉપયોગી લગભગ એંસી એંસી પાનાની, આકર્ષક પુસ્તિકાઓ ૧ થી ૧૦ ની સંખ્યામાં બ્હાર પડી ગઇ છે. જેનાં નામ અનુક્રમે:—

**૧ ત્રણ મહાન તકો, ૨ સફળતાની સીડી, ૩ સાચું અને ખોટું (સ્યાદ્વાદ) ૪ આદર્શ દેવ, ૫ ગુરુ દર્શન, ૬ ધર્મામૃત, ૭ શ્રદ્ધા અને શક્તિ, ૮ જ્ઞાનોપાસના, ૯ ચારિત્ર વિચાર, ૧૦ દેતાં શીખો, એ છે.**

હવે બાકીની ૧૦ પુસ્તિકાઓ શીલ, તપ, ભાવ, ધ્યાન, યોગ વગેરે વિષયો ઉપરની બ્હાર પડનાર છે.

આ ગ્રન્થમાળા ધર્મ પ્રચારાર્થે, હજારો રૂપીઆની ખોટ સહન કરીને સસ્તી કીંમતે ધર્મ સેવા બજાવે છે તો જુદા જુદા વિષયો ઉપર લખાએલી આકર્ષક છપાઇ, દ્વિરંગી કલાત્મક ટાઇટલ, કુલ ૧૬૦૦ પાનાનું વાંચન, છતાં પોસ્ટેજ સાથે રૂા. ૧૨ માં ગ્રાહક થવા લખો:-

છુટક પુસ્તકો પણ મળી શકશે.

-: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :-

**શા. લાલચંદ નંદલાલ**
ઠે. રાવપુરા ઘીકાંટા-વડોદરા

**સી. શાંતિલાલ શાહની કું.**
ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઇ

**સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. રતનપોળ હાથીખાના,
અમદાવાદ

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧
મુંબઇ